May 2023

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal

Year 18 • Issue 8 / 207

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

• Mumbai • Page 24 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...



દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

વ્હાલા સ્નેહી સ્વજનો,

પ્રણામ!

**'મધર્સ ડે અને ફાધર્સ ડે' નિમિત્તે સર્વે આદરણિય પૂજ્ય વડીલો માતા-પિતાઓને નત્ મસ્તકે વંદન...**

**વિસ્તૃત ફલક ઉપર નવા જ સ્વરૂપે નવી જ ક્ષિતિજ દોરીને એક નવી જ કેડી કંડારવાનો અવસર મળ્યો છે. ત્યારે અનહદ્ આનંદની લાગણી મને જ નહીં, પરંતુ મારી આખી ટીમને થાય છે.** આપ સહુના સહયોગની આશા અને અપેક્ષાએ જે ભગીરથ કાર્ય ''મેડિકલ હેલ્થકેર''નું હાથમાં લીધું છે તે **સૌની સદ્ભાવના અને પ્રેમ લાગણીના પરિણામે અને સર્વજ્ઞ શ્રી કલિકાલ હેમચંદ્રાચાર્યજી તથા પરમ કૃપાળુ પંચાસરા પાર્શ્વનાથ દાદાની અસીમ કૃપાથી આયોજન સિદ્ધ થવા જઈ રહ્યું છે.**

**''હૈયાના હેતથી, ઉરના ઉમંગથી અને સ્નેહના અક્ષતથી વધાવીને દાતા પરિવારોની અનુમોદના''** ❊ ❊ ❊ ❊

રૂા. સવા પાંચ કરોડની માતબર રકમ દ્વારા **''સૌરભ મેડિકલ હેલ્થકેર''નું** સપનું સાકાર થયું તેમાં દિન-પ્રતિદિન આપણા પાટણ સમાજનાં દાતાઓ **મોતીશા, ભામાશાની** જેમ તેમાં ઉદારતાથી ધનલક્ષ્મીનો સંચય કરી રહ્યા છે. આપણા સમાજનાં ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી** (જૂહુ Jet Realters) તરફથી મેડિકલ ક્ષેત્રે વર્તમાન સમયે અતિ ઉપયોગી એવા **''સોનોગ્રાફી સેન્ટર'' માટે સ્વેચ્છાએ રૂા. ૧ કરોડ ૨૫ લાખની રકમ પ્રાપ્ત થયેલ છે.**

**''ડાયાલિસિસ વોર્ડ'' માટે શ્રી શાંતિલાલ નગીનદાસ શાહ શુભ ટ્રસ્ટ; ફાઉન્ડર ટ્રસ્ટીઓ શ્રી મહેન્દ્રભાઈ, શ્રી જયંતિભાઈ અને શ્રી ચીનુભાઈ શાહ (વખતજીની શેરી-ફોફલિયા વાડો, વાલકેશ્વર) તેમના તરફથી ૧ કરોડ ૨૫ લાખની રકમ પ્રાપ્ત થયેલ છે.** શ્રી પાટણ જૈન મંડળ વતી આ પરિવારની અનુમોદના કરવામાં આવે છે અને ધન્યતા અનુભવે છે. આ પરિવાર દ્વારા ચલાવાતી બી.એમ. હાઈસ્કુલ (પાટણ) કાર્યરત છે, જેના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરોત્તર અભ્યાસક્રમમાં આગળ રહી શાળાનું નામ સમગ્ર ગુજરાતમાં રોશન કરી રહ્યા છે.

**આપણા સમાજનાં પૂર્વ શ્રેષ્ઠિઓનું જે ઋણ છે તે સહુએ ઋણ મોચન ચૂકવવાનો આ અવસર છે.**

**''અનેક દર્દીઓના આંસુ લુછી સંકટ સમયની સાંકળ બની તેમને શાતા આપવાના કાર્યમાં આપ સૌ પણ જોડાઈ જાઓ.''**

**''સૌરભ મેડિકલ હેલ્થકેર''** જવાહર નગર, એસ.વી. રોડ, ગોરેગામ (વે) ખાતે ૨૦૦૦ સ્કે. ફીટની જગ્યામાં ઝડપથી કામ આગળ વધી રહ્યું છે. ઈન્ટીરીયર વર્ક પણ શરૂ થઈ ગયું છે. લગભગ બે મહિનામાં કામ પૂરું થઈ જશે. બ્લડ ટેસ્ટ માટેના મશીનો ખરીદવાની અને તે અંગેના ક્વોટેશન મેળવવાનું કામ શરૂ થઈ ગયું છે. તા. ૧૫ જૂન થી જુલાઈના અંત સુધીમાં મશીનો ઈન્સ્ટોલ કરવાની તૈયારી પુરજોશમાં ચાલે છે. આ બાબત નિષ્ણાંત ડૉક્ટરોની પણ સલાહ-સૂચન લેવામાં આવે છે. **ઓક્ટોબર મહિનામાં ''સૌરભ મેડિકલ હેલ્થકેર''નું** ઉદ્ઘાટન કરવાનું પ્લાનીંગ છે. જો સમાજનાં બધા જ પરિવારો તન,મન,ધનથી સાથ સહકાર આપવા આગળ આવશે તો સાચા આર્થમાં આ ''માનવતાનું મંદિર''નું સર્જન એક શ્રી પાટણ જૈન મંડળ અને સમાજનો જાજરમાન યશકળશ એક નવલું નજરાણું બનશે. સાધર્મિક,

Cont. page 2

જરૂરિયાતમંદ પરિવારો સાથે આપણાં જૈન શાસનના શિરોમાન્ય સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતોની પણ ઉચ્ચ વૈયાવચ્ચનો લાભ મળશે તેમનાં સ્વાસ્થ્ય જળવાય તે પણ આપણી એક ફરજ છે કર્તવ્ય છે.

**''સૌરભ મેડિકલ હેલ્થકેર''ના** સંચાલન માટે જ સૌ પ્રથમ ધ્યાન આપીએ. દિન-પ્રતિદિન વધતી જતી માંદગી અને વિશેષ પ્રકારે કિડની, કેન્સર, બ્રેઈનને લગતી બિમારી કે હાર્ટને લગતી બિમારીમાં વધારે પડતો ખર્ચ આવે છે, કેમકે તેને લગતાં રીપોર્ટ ઘણા અલગ-અલગ કઢાવવા પડે છે, જે સામાન્ય રીતે પરવડતા નથી. આ હકીકતોને ધ્યાનમાં રાખીને જ આપણે **''સૌરભ મેડિકલ હેલ્થકેર''** શરૂ કરવા માટે પ્રથમ પગલું ભર્યું છે આખી હૉસ્પિટલ તો ઊભી કરવી શક્ય નથી પણ આ સેન્ટર દ્વારા દર્દીઓને રાહત મળે, સારી ટ્રીટમેન્ટમાં ઉપયોગી થઈ શકીએ તો તેમને થોડીક પણ સાંત્વના મળે.

તેથી સમાજના સાધન-સંપન્ન સુખી પરિવારોને નમ્ર અપીલ કરીએ છીએ કે 'પ્રતિબિંબ'માં અપાતી વિગતો અને મેડિકલ હેલ્થકેર માટે કયા કયા વિભાગોના દાતાઓની જરૂર છે તે મુજબ જો આપ સહુ હાથ મિલાવશો તો આ મોટુ માનવસેવાનું કાર્ય સાકાર થશે. અમને બહુ જ આશા છે કે **આપ સહુ સાથે મળીને આ સેવાયજ્ઞમાં યથાર્થ દાન રૂપી ઘી પૂરીને દીપ પ્રગટાવશો.**

o જવાહર નગર, ગોરેગામ (વે) ખાતે ન્યુ કન્સ્ટ્રક્શન જગ્યામાં ૫૬૦૦ સ્કે.ફીટની જગ્યા નક્કી કરવામાં આવી છે. તે બાબત જણાવતાં આનંદ થાય છે કે, પાટણના **ડૉ. સેવંતીલાલ મોહનલાલ શાહની પ્રપૌત્રી અંજલીબેન** જેઓ કન્સ્ટ્રક્શનનું જ કામ કરે છે, એમનો જ પ્લોટ છે, ૨૩ માળનું કમર્શિયલ બિલ્ડીંગ બનાવી રહ્યા છે, આ જગ્યાનું પઝેશન ૨૦૨૪માં મળવાની આશા છે.

જો બધા સાથે મળીને પ્રેમ અને સ્નેહથી સાથ-સહકાર આપે તો જરૂરથી આપણો સમાજ આવતા બે - પાંચ વર્ષની અંદર શક્તિશાળી બનતો દેખાશે આ રીતે સમાજનાં લોકોની યથાશક્તિ ભાગીદારીથી લાંબા ગાળાના સારા પરિણામો બતાવી શકીશું. માનવ સેવાના આ ભગીરથ કાર્યમાં દાનની રકમ આપનારને ૮૦જી મળશે. બે વર્ષમાં પાર્ટલી પેમેન્ટ આપી શકાશે અને CSR સ્કીમનો લાભ લઈ શકો છો.

o બીજા સમાચાર આપતા આનંદ થાય છે કે ભાયંદરમાં પાંચ વર્ષથી બંધ પડેલ હેલ્થકેર ફરીથી આપણી જગ્યામાં રીનોવેશન કરીને શરૂ કરવામાં આવી રહ્યું છે, જેની વિગતો આવતા અંકમાં જણાવવામાં આવશે.

**I am Proud of Real Hero of Patan Samaj Shri Hemantbhai Salvi**

o પાટણ ખાતે આપણી સ્કૂલમાં **''શેઠ શ્રી ત્રિભોવનદાસ ધનજીભાઈ પટેલ સ્માર્ટ વિદ્યાલય''** પ્રાઈમરી સેક્શન ધો. ૧ થી ૮ના બિલ્ડીંગનું કામ શરૂ થઈ ગયું છે. કોન્ટ્રેક્ટ બેઝથી આ કામ શ્રી જયેન્દ્રભાઈ મોદીને આપવામાં આવેલ છે. સ્કૂલનું ઓપનીંગ ૧૦ એપ્રિલ ૨૦૨૪માં કરવામાં આવશે અને જુન ૨૦૨૪થી સ્કૂલ શરૂ થઈ જશે. સ્કૂલના પ્રોજેક્ટમાં હજુ થોડાંક વિભાગ આપવાના બાકી છે તો જે દાતાશ્રીઓને રસ હોય તો અમારો સંપર્ક કરવા વિનંતી છે. આ અંગેની વધુ માહિતી આ અંકમાં જ આપવામાં આવી છે, જેની નોંધ જરૂરથી લઈને સહકાર આપશો.

o જે પરિવારોને ''વસ્તી પત્રક'' લેવાનાં બાકી હોય અને જોઈતા હોય તો તુરંત જ મેળવી લેશો. બહુ ઓછા વસ્તી પત્રક હવે બાકી છે.

o વુમન એમ્પાવરમેન્ટ દ્વારા ત્રણ નવા પ્રોગ્રામ ચાલુ કરવામાં આવી રહ્યા છે, (૧) પ્યોર જૈન રસોઈ ઘરના કાર્યક્રમમાં ઓનલાઈન પર ૧૨૫ બહેનો જોઈન્ટ થઈ છે. (૨) અંગ્રેજી સ્પીકીંગ ક્લાસ ઓનલાઈ ચાલુ થઈ ગયા છે. (૩) જુન મહિનાના પહેલાંજ વીકમાં શ્રી ગીતાબેન રાકેશકુમાર કોમ્યુનિટી હોલમાં ''Know your Low'' પાટણના ત્રણ મહિલા એડવોકેટ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.



**આભાર**

*Kind Heart are like Gardens*

*Kind Thoughts are the Roots*

*Kind Words are the Flowers*

*and*

*Kind Deeds are the Fruits*

**અસ્તુ**



**અનુમોદના**

**તંત્રી સ્થાનેથી...**

# મમ્મીને વેકેશન નથી હોતું



અમેરિકાના વેસ્ટ વર્જીનીયા વિસ્તારમાંથી એક સ્ત્રી આન્ના રીક્ષ નામની ફિલાડેલ્ફિયામાં રહેવા આવી. અન્ના ને એની માતા સાથે સાહજિક ઝઘડો થયો હતો અને તેની માતા મૃત્યુ પામી ત્યાં સુધી એ મા-દીકરા વચ્ચે અબોલા રહ્યા. અન્નાએ પોતાની માતાના કબર પાસે ઊભો રહીને એક સંકલ્પ કર્યો કે; મારી માતાની યાદમા મારે કંઈક કરવું છે, જેનો અમલ દરેક મા-બાપના સંતાનો કાયમ માટે કરે. એણે **'મધર્સ ડે'** ઉજવવાનો વિચાર રમતો મૂક્યો. એનો હેતુ એ હતો કે કમ સે કમ એક દિવસ પૂરતું સંતાનો પોતાની વ્હાલી માતાનો પ્રેમ સ્વીકારી, આભાર માને.

**"I have you Mom, Thank you Mom, Forgive me Mom"** જેવી ફીલીંગ્સ માતાની આંખોમાં આંખ મિલાવીને કહી શકે માતા-પિતા-સંતાનોનો સંબંધ અમૂલ્ય છે, તેમ છતાં એકબીજાની પ્રત્યે લાગણીનું બયાન કદી થતું નથી. બાળકો માટે માતાનો પ્રેમ ' Taken for granted' થઈ જાય છે. પછી અચાનક માતા-પિતાની ફાઈનલ એક્ઝિટ થઈ જાય ત્યારે જીવનભર એ વસવસો કોરી ખાતો હોય છે, **'માતાએ તો મને ખૂબ પ્રેમ આપ્યો, આપણને ય એની કદર તો હતી જ, પણ કહેવાનું તો રહી ગયું.'** માતા તો આપણા સહુ માટે ફાસ્ટ દોડતી લાઈફ એક્સપ્રેસ જેવી છે, જેનું એક સ્ટેશન ' Mother's Day'નું આવે.

જ્યાં સંતાનો માતાનો હાથ પકડી એના ગાલે મીઠુ ચુંબન ભરી ગીફ્ટમાં પોતાનો ભરપુર પ્રેમ આપે, માતાના વાત્સલ્યની સામે સુખનો સંતોષ આપે. ૧૦ મે ૧૯૦૮માં સેન્ટ એન્ડ્રુઝ ચર્ચમાંથી પાદરીઓએ **'મધર્સ ડે'** મનાવવાનું શરૂ કર્યું. ત્યારબાદ ૧૯૧૪માં અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ વડ્રો વિલ્સને મે માસના બીજા રવિવારને 'મધર્સ ડે' તરીકે ઉજવવાનું રાષ્ટ્રીય ફરમાન જાહેર કર્યું. ''વેલેન્ટાઈન્સ ડે' સ્વયંભૂ છે, જ્યારે 'મધર્સ ડે'નો ઉદ્‌ભવ સત્તાવાર કાનૂની છે. **રેડીમેડ કાર્ડ આપીને કે ગુલદસ્તાની ભેટ આપીને 'મધર્સ ડે' ન મનાવી શકાય.** હાથેથી માતા પ્રત્યેની લાગણી સંવેદના અને તેનો આભાર માનતા લખાયેલું કાર્ડ પાછળ 'સમય' નામની ભેટ છૂપાયેલી હોય છે, જેની જગ્યા રેડીમેડ કાર્ડ ન લઈ શકે. દુનિયામાં 'મા' એ 'મા' જ છે તેને કોઈ નાત, જાત, ધર્મ, સંપ્રદાય કે દેશ-કાળ કશું જ નડતું નથી. તે મા, મોમ, મમા, અમ્મી, બા જેવા કોઈપણ શબ્દોથી નવાજી શકાય છે. કારણ કે માતૃ વાત્સલ્ય સંબોધન સમગ્ર દુનિયામાં શ્રેષ્ઠ છે.

'વર્કિંગ વુમન' તરીકે ડબલ રોલ નિભાવતી આજની માતા પણ કુશળતા પૂર્વક તેની જવાબદારી સંભાળી લે છે, જે સ્ત્રી સ્વતંત્ર થઈને 'વર્કીંગ વુમન' બની છે શું તમે એમ માનો છો કે જે સ્ત્રી કેરિયર બનાવવા ઘરની બહાર જઈ ઓફિસમાં જોબ કરી પગાર મેળવે એ જ વર્કિંગ વુમન છે? જે મા બની બાળક ઉછેરે, પોતાના પરિવારજનોની સવારથી રાત સુધીની કાળજી લે. ઘરના પણ દરેક નાના-મોટા કામ હસતા હસતા કરી લે એ કંઈ કામ જ નથી? ફુલટાઈમ મધર એ તો હાઈએસ્ટ પગારવાળુ કામ છે, જ્યાં પેમેન્ટમાં તેને શું જોઈએ છે, **પ્યોર લવ! શુદ્ધ પ્રેમ, જે દુનિયાની તમામ સંપત્તિના બદલામાં પણ વેચાતો મળતો નથી.** મમ્મી બન્યા પછી વેકેશન તો એને મળતું જ નથી. મમ્મી હોવાથી રજા લઈ શકાતી નથી. મમ્મી બન્યા પછી એક સ્ત્રી પ્રિયતમ કે બાળક વચ્ચે પ્રેમનો ભાગાકાર નથી કરતી પણ એનો ગુણાકાર કરે છે અને આ ક્ષમતાને લીધે જ ઈશ્વરે કદાચ માતૃત્વ સ્ત્રીને આપ્યું છે. **વ્હાલસોયા નવજાત શીશુને પાલવમાં ઢાંકીને મોટો કરતી મા બાળક મોટો યુવાન થાય ત્યારે પ્રાર્થનાથી ઢાંકે છે, એટલે જ તો 'અમ્મા'ના મોઢામાંથી 'ખમ્મા' શબ્દ નીકળી પડે છે.**

જરા વિચારો! એક જ દિવસમાં મમ્મી કેટલું બધુ અગણિત કામ કરે છે? એ પોતાની જાતને પણ વિસરી જાય છે. ઘરમાં સૌથી વહેલા જાગીને રાત્રે સૌથી છેલ્લે સુવા જવાનું. યુવાન સંતાનો પણ સમયસર ઘરમાં ન આવે ત્યાં સુધી બારીમાંથી સતત નજર કે પતિ મહાશયનું માથું દુઃખે કે અન્ય બિમારી આવે તો સતત તેની કાળજી કરે તે માતા. દીકરા-દીકરી ની આંખોમાથી સવાલો વાંચીને એના જવાબો શોધી તેમને હિંમત આપવી, આશ્વાસન આપવું. એને રડવા માટે પોતાનો ખભો આપવો પ્રેમાળ હાથે માથા પર હાથ ફેરવી તેમની મૂંઝવણો દૂર કરવી એ કામ માતા સિવાય કોઈ ન કરી શકે. મમ્મી ક્યારેય થાકતી જ નથી.

એથી જ એક ચિત્રકારે 'આદર્શ માતા'નું સર્વેક્ષણ કરવા એક ચિત્ર બનાવી મૂકયું હતું. એક નાનકડા ઘરની બારસાખે વિખરાયેલા વાળ સાથે એક બાળક કાખમાં એક હાથે વળગાડી અસ્તવ્યસ્ત વસ્ત્રોમાં એક માતા ઊભી છે. અને જાણે કહી રહી છે **'માફ કરજો હું બાળકોને ઉછેરવામાં જ એટલી વ્યસ્ત હતી કે, મને સાજ-શણગાર કરવાનો સમય જ નથી. આદર્શ માતાની વ્યાખ્યાઓ હું ભૂલી ગઈ છું, તમે માનશો. ચિત્રકારનું આ ચિત્ર મ્યુઝિયમમાં સર્વશ્રેષ્ઠ સર્જન બની રહ્યું.'**


સંવેદન જ નહીં, વિજ્ઞાન પણ કહે છે કે **માતૃત્વ મૃત્યુને હરાવવાનું વરદાન છે, મા અમરત્વની ધારા છે, મરવાનું સૃષ્ટિમાં નિશ્ચિત છે, પણ મા બાળક પેદા કરી પોતાના જીન્સ, પોતાની આકૃતિ, પોતાનો અંશ એમાં વહેતો રાખે છે. કુદરતના કાળચક્ર સામેનો આ માનવીનો મુકાબલો છે.**

**અંતમાઃ મા આસમાન સુધી સંતાનોને પહોંચાડવાના સપનાઓ જોવે છે તેથી જ તો એમને જમીનથી ઊંચે ઉડતા શીખવે જ છે.**

**જીવન એ પ્રકૃતિ છે, તો મા તેનો શણગાર છે, જીવન જો ધરતી હોય, તો મા તેનું સ્વર્ગ છે.**

❑ ભારતી બી. શાહ

# ‘મારું જીવન અંજલિ થાજો’



**“ભૂખ્યા કાજે ભોજન બનજો,**
**તરસ્યાનું જળ થાજો**
**દીનદુખિયાના આંસુ લ્હોતાં,**
**અંતર કદી ના ધરાજો**
**મારું જીવન અંજલિ થાજો.”**

કવિશ્રી કરસનદાસ માણેક



એક વિધાન હું હંમેશા ભારપૂર્વક અને ભાવપૂર્વક કહું છું કે આ જીવન માણસને એકવાર મળે છે એમ માનીએ તો આવા એકાદવાર મળેલા જીવનમાં એકાદ પણ ઉત્તમ કામ ન કરીએ તો આ જીવનનો કોઈ અર્થ નથી. (You only lives once But if you do it right once is enough) જેમ જોબ સેટિસ્ફેક્શન હોય તેમ લાઈફ લીવિંગ સેટિસ્ફેક્શન પણ હોવું જોઈએ- જે મારા હિસાબે બીજાની સેવા કરવામાંથી મળે છે. અન્યના આંસુ લૂછવાનું સુખ અનેરું છે. બીજાની સેવા કરવાની, બીજા ખાતર જીવવાની ભાવનાથી મળતો આત્મસંતોષ કોઈ અનેરું સુખ આપે છે. સુખ તેને છે જેનાથી સુખ બીજાને છે. સુખ એ વહેંચવાની વસ્તુ છે. Life's most persistant and urgent question is what are you doing for others? And I have experienced and learned that ultimately taker loses and giver wins because happiness is being able to do something for someone and not expect something in return, Always give without remembring and always receive without forgetting.

માનવતા એ જીવનનું એક મહામૂલુ રત્ન છે. માનવીનો શ્રેષ્ઠ ધર્મ એક જ છેઃ માણસાઈ, અને માણસાઈ એ ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. માનવતાની પૂજામાં જ સાચું જીવન છે, પણ આજે સમાજમાં માનવતાને ક્યાં સ્થાન છે? સાચા દેવને દૂર ફેકીને આપણે પત્થરના દેવની પ્રતિષ્ઠા કરી રહ્યા છીએ. અમર્યાદ ઉપભોક્તાવાદ અને ભોગવાદી જીવનશૈલી આજે ચારેકોર છવાઈ ગઈ છે. Affluence પાછળની આંધળી દોટને કોઈએ Affluenzaનોરોગ કહ્યો છે. માણસ ખૂબ કમાય છતાંય ધરાય નહીં ત્યારે સમજવું કે મનનું પેટ મોટું થઈ ગયું છે. આ દુનિયાએ આપણને મોટા બનાવ્યા છે અને સાથેસાથે ખોટા પણ. માણસને ક્યારેય પણ પોતાની સંપત્તીથી સંતોષ હોતો નથી અને પોતાની ક્ષમતાથી અસંતોષ હોતો નથી. Actually success in life has nothing to do with possession, But It has everything to do with improving the quality of life for those around us. આપણે ફક્ત ગમતાનો ગુલાલ નથી કરવાનો, પણ મમતાનો પણ ગુલાલ કરવાનો છે. એક ફિલોસોફરે કહ્યું છે કે, "What I gave I held, what I spent I had, what I kept I Lost." બચ્યું એટલું એળે અહીં તો લૂંટાવ્યું એટલી લહાણ. મેળવ્યાનો આનંદ છે, આપ્યાનો આનંદ એથી અનેરો છે. આપવાથી પામવાનો માર્ગ ખૂલે છે. આપણે આનંદ સત્યનારાયણના પ્રસાદની જેમ જીવનભર વહેંચતા રહેવો જોઈએ. ખરું લક્ષ્મીપૂજન તો એ છે કે જેમની પાસે લક્ષ્મી નથી તેની પાસે પહોંચાડવી. જે આપણા માટે વાપરીએ તે લક્ષ્મી, જે બીજા માટે વાપરીએ તે મહાલક્ષ્મી. If you always give you will always have. We are not rich by what is in our pocket But we are mad rich by what is in our heart.

‘મન હોય તો માળવે જવાય’ - સમાજની સેવા કરવાની અંતઃકરણની ઈચ્છા હોય તો પોતાને અનુકૂળ એવો પ્રકાર મળી જ રહે છે. યથામતિ અને યથાશક્તિ સૌએ સમાજનાં વિવિધ કાર્યોમાં સેવારૂપે આહુતિ આપવી જ જોઈએ. ખરી સેવા કરનારને ખબર જ નથી પડતી કે સેવા થઈ રહી છે. સેવા જ્યારે માઈક્રોફોન શોધે છે ત્યારે જાણવું કે કોઈ નવી આપત્તિ આવી રહી છે. સ્નેહસાધના એ જ ભગવાનની આજ્ઞા છે. The best way to find yourself is to lose yourself in service to others and enjoy - આપણો માહ્યલો અંદરથી પ્રસન્ન હોય તો જ આસપાસનું જગત સુખમય લાગે. ધૂમકેતુએ એની પ્રસિદ્ધ વાર્તા પોસ્ટઓફિસમાં કહેલું છે કે “મનુષ્ય પોતાની દ્રષ્ટિ છોડી બીજાની દ્રષ્ટિએ જુએ તો અડધું જગત શાંત થઈ જાય. જીવનમાં કરુણા હોવી જોઈએ. કરુણા હોય તો બધું જ આપોઆપ અંદરથી ખૂલી જાય છે, કારણ કે કરુણા એ ઈશ્વરની કૃપાનું પરિણામ છે. Please remember If you give your heart to God you will never get heart attack. Every charitable act is stepping stone toward heaven.

‘મારું જીવન અંજલિ થાજો’ જીવન જીવવા માટે, જીવનધ્યેય વિશેની જાગૃતિ આવશ્યક છે, તેમજ એ ધ્યેયને હાંસલ કરવા શું કરવું એની સ્પષ્ટતા પણ આપણા મનમાં હોવી જરૂરી છે. માનવજીવનમાં હંમેશા સત્ય અને અસત્ય અંગેના વિચારો ઉદ્‌ભવે છે. અસત્ય સામે બુદ્ધિ યુદ્ધ

કરે છે, પરંતુ ઘણીવાર ચોક્કસ વસ્તુ અસત્ય છે એમ જાણીએ છીએ છતાં એની સામે થવાની આપણી શક્તિ હણાઈ ગઈ હતી. માનવહૃદયમાં ચાલતા આ દ્વંદ્વયુદ્ધમાંથી માર્ગ કાઢવા માટે જ તો ‘તમાસો મા જ્યોતિર્ગમય’ની ભાવના ઉદ્‌ભવી છે.

એક લેખકે કહ્યું છે કે We all are tourist and God is our travel Agent who has already fixed all our routes, reservation and destination. So trust him and enjoy the trip called life. પણ એટલું યાદ રાખજો કે જીવનમાં પણ માણસે Travel Lightlyનો નિયમ અપનાવવો જોઈએ. ટોલ્સટોયની વાર્તામાં આવે છે કે માણસની જરૂરિયાત છે. માત્ર છ ફૂટ જમીનની, પણ એને માટેની જીવનભરની દોટ એને હંફાવી નાખે છે. ‘દો ગજ કફન કે બાદ દો ગજ જમીન ભી ચાહીયે.’ Please remember when we move our focus from competition to contribution life becomes celebration.

‘મારું જીવન અંજલિ થાજો’ એવું જીવન જીવવા માટે આજનો દહાડો મારી બાકીની જિંદગીનો પહેલો દહાડો છે તેમ માનીને જીવો અને સમજો કે It is better to love today than tomorrow as pleasure postpone is pleasure lost. એક કવિએ કહ્યું છે.

**જિદગી આપણને મળી છે,**
**જાણો છો કેવડી ?**
**આવી અને ચાલી ગઈ,**
**બસ એ ક્રિયાપદ જેવડી.**

**દુનિયા મેં હમ આયે હૈ તો જીના હી પડેગા એમ ન માનતા, કારણ કે Life is beautiful because it is painful. ચૂપ થઈ ચાલ્યા જવું એ જિંદગી નથી. આપણે એટલું યાદ રાખવાનું છે કે આપણે ખાલી હાથે જવાનું છે, પણ ખાલી જવાનું નથી. આપણે એવું જીવન જીવવાનું છે કે, ‘મારું જીવન અંજલિ થાજો.’**

**❑ ભારતી શાહ**

## ‘‘મન હોય તો માળવે જવાય’’

સવારના પહોરમાં સૂર્ય ઉદયાચલે જ હોય છે અને સાંજના સૂર્ય અસ્તાચલે જ હોય છે. આ બે સમયની વચમાં આપણું મન ક્યાં હોય છે ? મનની પણ એક અલગ દુનિયા છે, મન ગણતરીબાજ છે. આજ સુધી મનને કોઈ પકડી શક્યું નથી. પવનને જેમ પકડી રાખવાનું કામ મુશ્કેલ છે, પારાની જેમ એક જગ્યાએ સ્થિર રહેતું નથી તેમ છતાં માણસ માત્ર તેના મનના ભાવોથી જ ઓળખાય છે **મન એ માણસનો અરિસો છે, જે ચહેરાના હાવ-ભાવને પકડી લે છે,** આ મન ઉપર ઘણી બધી કહેવતો છે **‘‘મન હોય તો માળવે જવાય’’** મન ને આપણે જેમ કેળવીએ તેમ કેળવાય છે.

કોઈનું સારું-ખોટું કે નરસુ કાઈપણ કરવું હોય તે મનથી જ નક્કી થાય છે. આ એક કુદરતી વસ્તુ છે. સારા-નરસા કામ મન જ કરાવે છે. જેટલું સારું સ્વાસ્થ્ય રાખવું જરૂરી છે તેટલું **મન ને પણ સુંદર રીતે કેળવવું જરૂરી છે.** કરેલા સારા કાર્યો સાથે આવે છે અને કાયમી યાદગીરીને સાથે રાખીને જાય છે, જેથી મનથી કરેલા સારા વિચારોથી શરીર પણ તંદુરસ્ત રહે છે. બને તેટલા લોકોને મદદરૂપ થઈએ એ આપણા મનની વાત છે. નબળા અને પ્રપંચી કાવા-દાવા યુક્ત વિચારોનો ઢગલો આપણા શરીરને આફત નોંતરે છે. શારિરીક કસરતનું મહત્વ નથી પરંતુ મનની કસરતનું મહત્વ ઘણું જ છે, **મન તો માનવીના શરીરની રાજધાની છે. આપણું મન છે કેપ્ટન, મન ઢીલું-પોચું અને નિરાશાવાદી પણ હોઈ શકે છે. એમાં ફસાઈ ગયા તો જીવનની રફતાર અસ્તવ્યસ્ત થઈ જાય છે.**


ઘણા માણસો ૯૦ થી પણ વધારે આયુના હોય તો પણ આનંદથી અને પ્રવૃત્તિમય જીવન જીવે છે, પોતાના બિઝનેસમાં પણ સક્રિય રહેતા હોય છે. એક ભાઈ મનથી ૧૦૫ વર્ષ જીવવાની આશા સાથે આજે ૮૫ વર્ષે પણ લહેરથી જીવી રહ્યા છે. મસ્ત મજાની તેમની લાઈફ છે. મનને પ્રફુલ્લીત-ઉદ્યમી અને કામમાં વ્યસત રાખે છે. દીકરાની સાથે રોજ ઓફિસે પણ જાય છે. રોદ્‌ણા રોવાથી કોઈ ફાયદો નથી થતો. મન સાથેની છેતરપીંડી એ માનવીએ પોતાની જાત સાથે કરેલો મોટો અપરાધ છે, આ અપરાધની સજા આખી જિંદગી આપણને ભોગવવી પડે છે, મનને કઈ રીતે હેન્ડલ કરવું એ આપણા જ હાથની વાત છે. આપણે આપણા જ કેરટેકર બનવું પડશે. ડૉક્ટર દવા લખી આપશે પરંતુ દવા તો આપણે જ લેવાની છે.

માણસના જીવનના નિર્ણયો લેનાર છે મન, અને મન છે સતત પરિવર્તનશીલ. **પવનની દિશા બદલાતા જ ધજા પોતાના ફરકવાની દીશા બદલી નાખે છે, તેમ નિમિત્ત બદલાતા અને પરિસ્થિતિ પલટાતા જ મન પોતાની માન્યતાઓ બદલતું રહે છે અને માન્યતા બદલાતાની સાથે જ જીવનશૈલી બદલાતી રહે છે.**

શાંત મનના માણસ બીજાના મનને વિચારોને સમજવાનો પ્રયત્ન કરે છે, અને ન બોલવામાં નવ ગુણ સમજે છે. આવા તત્વચિંતકોથી સો ફૂટ દૂર રહેવામાં જ આપણા સૌની ભલાઈ છે. મનના નકારાત્મક વિચારોને કાઢો અને પોઝિટીવ એટિટ્યુડ રાખો.

**હમકો મનકી શક્તિ દેના....**

**❑ જયરાજ ડી. માટલીવાલા**


Project
Under Consideration
Saurabh Medical Health Care


# HEALTHY PATTNI WEALTHY PATTNI

# હેલ્ધી પટણી વેલ્ધી પટણી

- **S.V. Road Touch & in heart of Jawahar Nagar**
- **Better Discounts to Patni Families.**
- **450 Patni Families in Goregaon.**
- **1700 Patni Families in Mumbai Suburbs.**
- **8000+ Families in and around Goregaon.**
- **Opportunity for Patni Doctors.**
- **6000 Sq.ft. of State of the heart Health Care Center for Patnis, Jains & Humanity.**
- **FREE Service to Jain Sadhu & Sadhvi mara saheb.**

## Jawahar Nagar

**With a vision in Future**



# Ground Floor - Diagnostic

- Pathology
- XRay
- Physio
- Sonography
- Waiting Area
- Reception
- Washroom
- Conference room



# First Floor

- MEMO Graphy
- General Consulting
- Cardiology Division & consulting
- Dentist
- ENT
- Diabetes
- Ophthalmology
- Orthopedic
- Homeopathy
- Dialysis
- Dermatology
- Ayurvedic
- Pediatric



| No. Details | Donors Name | Cost Amt. |
|---|---|---|

## 1. Main Donor of Project

**Smt. Arunaben Babulal Shah** — **5.25 Cr**

**Smt. Pannaben Kapoorchand Sonawala** — **4.00 Cr**

## 2. Pathology

**Smt. Bhagvatiben Vinodchandra Shah** — **1.50 Cr**

## 3. Sonography Dipartment

**Smt. Geminiben Hemantbhai Kantilal Salvi** — **1.25 Cr**

## 4. Dialysis Centre

**Shri Shantilal Nagindas Shah (Shubh Trust)** — **1.25 Cr**

Founder Trustee :

**Shri Mahendrabhai, Shri Jayantibhai, Shri Chinubhai Shah**

## We Welcome Donors for the following Department

| | | | |
|---|---|---|---|
| 5. | Cardiology | ......... | 2.50 Cr |
| 6. | X-ray | ......... | 1.25 Cr |
| 7. | Physiotherapy | ......... | 1.25 Cr |
| 8. | General Surgery | ......... | 1.25 Cr |
| 9. | Dental | ......... | 1.00 Cr |
| 10. | ENT | ......... | 1.00 Cr |
| 11. | Ophthalmology | ......... | 1.00 Cr |
| 12. | Pediatric | ......... | 1.00 Cr |
| 12. | Dermatology | ......... | 0.5 Cr |
| 13. | Homeopathy | ......... | 0.5 Cr |
| 14. | Internal Medicine | ......... | 0.5 Cr |
| 15. | Memo Graphy | ......... | 0.5 Cr |
| 16. | Orthopedic | ......... | 0.5 Cr |
| 17 | Ayurvedic | ......... | 0.5 Cr |

# THE HEALING POWER OF NATURE...

The above philosophy is based on the belief that **the human body has an innate ability to heal itself,** given the right tools and conditions. This kind of healing is known as Naturopathy. Naturopathy. is a form of alternative medicine that emphasizes the **use of natural remedies and therapies** to promote health and well-being. **The goal of naturopathy is to identify the root cause of an individual's health concerns, rather than simply treating symptoms, and to optimize the body's natural healing processes.** This holistic approach takes into account the patient's physical, emotional, and spiritual health.

One of the main principles of naturopathy is to do no harm. Naturopaths avoid the use of invasive procedures or harmful drugs and instead promote natural, non-invasive treatments that are gentle and safe and most importantly without any side effects.

The history of naturopathy in India is rich and diverse, with roots dating back thousands of years. The principles of naturopathy are deeply ingrained in Ayurveda, which originated in India over 5,000 years ago.

Ayurveda emphasizes the importance of maintaining balance in the body and mind, and it employs a wide range of natural remedies, including herbs, diet, and lifestyle changes. Many of these principles are similar to those employed in naturopathy.

In 1917, the first naturopathic hospital was established in Mumbai by Mahatma Gandhi's friend, *Dinshah M. Mehta,* known as the **"Nature Cure Clinic."** In the years that followed, naturopathy gained popularity in India as an alternative to Western medicine.

One of the most influential figures in the history of naturopathy in India was *Dr. K. Lakshmipathi,* who founded the **"Jindal Naturecure"** Institute in Bangalore in 1978. This institute quickly became one of the leading centers for naturopathy, offering a wide range of natural treatments and attracting patients from around the world.

Today, naturopathy continues to be a popular form of healthcare, with a growing number of practitioners and clinics offering natural treatments for a wide range of health concerns including Digestive disorders, Chronic pain, Allergies, Stress, Depression and Anxiety, Asthma, Inflammation, Insomnia, High blood pressure and Cholesterol, Diabetes and other Metabolic disorders.

In recent years, the Indian government has taken steps to promote naturopathy, recognizing its potential to improve public health and reduce healthcare costs. For example, in 2014, the Government of India established the ***Ministry of AYUSH*** (Ayurveda, Yoga & Naturopathy, Unani, Siddha, and Homeopathy) to *promote traditional medicine systems, including naturopathy.*

Some of the most common **treatments used in naturopathy** include, **Herbal medicine** by using plants and plant extracts to treat illness. **Dietary changes and nutritional supplements** to support optimal health. The use of water in various forms, such as hot and cold compresses, to promote healing and reduce pain and inflammation known as **Hydrotherapy. Acupuncture** which uses fine needles to stimulate specific points on the body to promote healing.

The use of techniques such as **meditation, yoga, and breathing exercises** to reduce stress, promote relaxation, and improve mental and emotional well-being. Even use of **physical therapies, such as massage,** and exercise, to improve physical function. And finally **lifestyle changes** like changes in daily habits and routines, such as improving sleep, reducing stress, and increasing physical activity, to support overall health and well-being. It is important to keep in mind that Naturopathic treatments are typically personalized to each individual, taking into account their unique health history, lifestyle, and goals.

Overall **Naturopathy is a natural and holistic approach** to healthcare that focuses on treating the root causes of health concerns, **with no harm or side effects,** so it is getting popularity in India and around the world. Naturopathy can be a valuable complement to conventional medical care and can help individuals achieve better health outcomes in order to support long-term health and wellness.

❑ **Viral Narendra Jhaveri**

# કૈફિયત




**પ્રતિબિંબના વાચક મિત્રો !**

**પ્રણામ !**

સમય અબાધગતિએ ચાલી રહ્યો છે, વર્ષ ૨૦૨૨ એપ્રિલથી ૨૦૨૩ એપ્રિલ સુધીનું એક વર્ષ સમાપ્ત થઈ ગયુ ત્યાંરે પ્રતિબિંબના માધ્યમથી આપને મારી કૈફિયત જણાવવાની તક મળી છે.

શ્રી પાટણ જૈન મંડળની ચોતરફ આભા ફેલાવી, એક દર્પણ દ્વારા માત્ર આપણા સમાજમાં જ નહીં પરંતુ બીજા અન્ય સમાજોમાં પણ 'પ્રતિબિંબ' દ્રશ્યમાન કરે છે. સંસ્થાનું સુંદર અને સંસ્કારી વાંચન સાથે સંપૂર્ણ પ્રવૃત્તિઓથી પાટણ વાસીઓને વાકેફ કરે છે. 'પ્રતિબિંબ' જે મારી હેસિયતનું અને સંસ્થામાં મારા Involvmentનું મને ભાન કરાવે છે.

સહુ પ્રથમ તો શ્રી પાટણ જૈન મંડળ કો પ્રેસિડન્ટ સ્વ શ્રી કીર્તિભાઈ બાલુભાઈ શાહનો ઋણ સ્વીકાર છે, જેઓએ એ સમયે મારામાં સંપૂર્ણ વિશ્વાસ રાખીને મને 'પ્રતિબિંબ'નું તંત્રીપદ સોપ્યું હતું. તેમના નેતૃત્વમાં અને માર્ગદર્શના કારણે દિન-પ્રતિદિન મારી સાહિત્ય પ્રત્યેની રૂચી નિરંતર વધતી જ ગઈ.

'પ્રતિબિંબ' એટલે વાંચનયાત્રા અને વિચારયાત્રા એનું એક જ ધ્યેય રહ્યું છે કે દૂર દૂર સુધી વસતાં લોકોને એકબીજા સાથે સેતુ રચી સંસ્થાની બધી જ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો દ્વારા આત્મીયતાનો ભાવ કેળવવો સંસ્થાના રચનાત્મક વિકાસમાં મદદ કરવી. દરેક સભ્યોને અંગત મળવાનું સાધન છે.

મારી જિંદગીમાં મારો 'પ્રતિબિંબ સાથેનો સંબંધ એ 'An Affair To Remember' જેવો છે. જો મને 'પ્રતિબિંબ'માં લખવાનું ન મળ્યું હોત તો આટલું બધું લેખન-વાંચન કાર્ય થયું ન હોત. આ મારા માટે પ્રસન્નતાનો પ્રસાદ છે જે ધીમે ધીમે મારા માટે એક નશો થઈ ગયો છે.

કોઈપણ લેખ લખવાથી શરૂઆત કરતા પહેલા વાચક મિત્રોને પ્રેરક થાય, તેમનું જીવન પણ ગૌરવંતુ બને, કલમ દ્વારા ખળખળ વહેતી નદીની જેમ શુભ વિચારો વહેતા રહે તો જ મારો લેખ લખવાનો પરિશ્રમ સાર્થક થાય. કારણકે હૃદયથી લખાયેલા શબ્દો અવશ્ય હૃદય સુધી જાય છે. પ્રખ્યાત ફ્રેન્ચ લેખક પોલ સાત્રએ કહ્યું છે કે, **''હું જ્યારે લખુ ત્યારે સર્જન થતું નથી, માત્ર તેની શરૂઆત થાય છે, વાચક જ્યારે વાંચે ત્યારે સર્જન થાય છે.''**

મા સરસ્વતીની અસીમ કૃપાથી અન્ય સંસ્થાઓમાં પણ તંત્રી સ્થાનેથી કાર્યરત રહેવાની તક મળી છે. વિવિધ સામાયિકોમાં સામાજિક તેમજ ધાર્મિક લેખો લખવાનો અવસર પ્રાપ્ત થાય છે, પરંતુ વર્ષ ૨૦૨૨થી શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ સ્થાને - શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)એ સ્થાન ગ્રહણ કર્યું ત્યારે તેમના હોદ્દેદારો સાથે મારી પણ તંત્રીસ્થાનેથી નિમણૂંક કરી છે, તે બદલ હું તેમની તથા સમગ્ર પાટણ સમાજની ઋણી છું. શ્રી દાનેશભાઈ શાહનું એક વર્ષ સમાપ્ત થઈ ગયું તેમ છતાં નિખાલસ પણે આપ સહુને જણાવતા મને આનંદ થાય છે કે તેઓએ મને સંપૂર્ણ સ્વતંત્રતા આપી છે તેમજ સમગ્ર ટીમના સભ્યોએ પણ મને ફ્રી હેન્ડ આપ્યો છે નવા લેખકોનું સ્વાગત કરવાનું જરૂરથી ગમશે.

દર મહિને અલગ અલગ ડિઝાઈનો સાથે કલરફુલ 'પ્રતિબિંબ' સમાજનાં લોકોને ઘરે ઘરે મળે છે અને પરદેશમાં એની લિન્ક મોકલવામાં આવે છે જેથી સહુ કોઈ સંસ્થાની પ્રવૃત્તિઓમાં જોડાઈ રહે. 'પ્રતિબિંબ' દ્વારા એજ્યુકેશન, મેડિકલ તથા આર્થિક સહાય વિગેરે વિગેરે માટે દાન અને સખાવતની અપીલ કરવામાં આવે છે. પરમાત્માની કૃપાથી જેનો ખુબ સારો પ્રતિસાદ મળે છે.

વિવિધ મનોરંજન કાર્યક્રમો, યાત્રા પ્રવાસો, સેમિનારો વિગેરે વિગેરેના અહેવાલો ફોટાઓ સાથે જોવા મળે છે. એપ્રિલ મહેનાનો અંક એક વિશેષાંક તરીકે આકર્ષક મુખપૃષ્ઠ સાથે પ્રસિદ્ધ થયો છે, આશા છે કે આપ સહુના કરકમળમાં આવ્યો હશે અને બધાને જરૂરથી પસંદ પડ્યો હશે.

'પ્રતિબિંબ'ના વાચક મિત્રો તથા શ્રી પાટણ જૈન સમાજના દરેકને આમંત્રણ છે કે, આપ સહુ તમારા મનગમતા વિષયો ઉપર સુંદર વિચારો ધરાવતા લેખ મોકલી શકો છો. કોલેજ અને સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓ પણ અંગ્રેજીમાં તેમના લેખો મોકલશે તો સમાજની યુવા પેઢીને વાંચન મળશે. આપ સર્વેના પ્રતિભાવ આવકાર્ય છે.



**કુછ કુછ કહના ચાહતા હે,**
**આપ કે પાસ રહના ચાહતા હે;**
**સબ કી ખબર દેના ચાહતા હે,**
**ઔર સબ કો દોસ્ત બનાકે રખતા હે.**



**અસ્તુ**

## મે માસનો મહિમા

કેલેન્ડરમાં મે મહિનાનું પાનું આવે એટલે આ અંગ્રેજી માસમાં આવતા અને રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવાતા કેટલાક મહત્વના દિવસો અને પ્રસંગોનું સ્મરણ થઈ જ આવે એ સ્વાભાવિક છે.

**તા. ૧ લી મે** : મહારાષ્ટ્ર ડે - ગુજરાત ડે

**તા. ૨ મે** : 'વર્લ્ડ લાફ્ટર ડે' વિશ્વ મજદૂર દિન

**તા. ૭ મે** : 'ગીતાંજલિ'ના સર્જક તથા સાહિત્ય માટેના નોબેલ પ્રાઈઝના વિજેતા, શાંતિનિકેતનના સ્થાપક કવિવર રવિન્દ્રનાથ ટાગોરની જન્મ જયંતિ. + શાળા-કોલેજોમાં ખેલકૂદનું મહત્વ સમજાવવા ઉજવાતો 'વર્લ્ડ એથ્લેટિક ડે'

**તા. ૫ મે** : 'બુદ્ધ પૂર્ણિમા'

**તા. ૮ મે** : 'વર્લ્ડ રેડ ક્રોસ ડે'

**તા. ૧૨ મે** : ઈન્ટરનેશનલ નર્સિસ ડે - તા. ૧૪ મે મધર્સ ડે

**તા. ૧૫ મે** : ઈન્ટરનેશનલ ડે ફોર ફેમિલીઝ

**તા. ૧૮ મે** : ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે

**તા. ૨૧ મે** : નેશનલ એન્ટી ટેરરિઝમ ડે

**તા. ૩૧ મે** : વર્લ્ડ No ટોબેકો ડે

આમ સાંસ્કૃતિક, ધાર્મિક અને જાહેર જીવનને લગતી ઘટનાઓ સંદર્ભે ઉજવાતા **વિવિધ ડે થકી મે મહિનો મહિમાવાન છે. વિશ્વ હાસ્યદિન કેમ ભુલી જવાય ? 'લાફ્ટર Is the Best Medicine** એમ કહેવાય છે ત્યારે ગમે તેવી પરિસ્થિતિ હોય, ખુશ રહેવું આવશ્યક છે એ વાત પર ભાર મુકવા માટે જ ઉજવાય છે. **વર્લ્ડ લાફ્ટર 'I'** આ બધાએ દિવસે બધા ભેગા મળી, એકબીજા સાથે પોતપોતાની ખુશી અને તીવ્ર હરીફાઈ, દોડધામ, અનેક પ્રશ્નો ભરી તનાવપૂર્ણ જિંદગીમાં સ્વસ્થ રહેવા હાસ્યદિન ફક્ત એક જ દિવસ નહીં, દરરોજ ઉજવવો જોઈએ' ❑ **સંકલિત**

**Shree Patan Jain Mandal**

Our upcoming programs is as below.

## PATAN INDOOR OLYMPICS GAMES 2023

**Table Tennis, Badminton Carrom, Chess and Volleyball.**

**Block the Dates**

**30th September, 1st, 2nd, 7th & 8th October 2023.**

**Vinesh Shah : 93222 56255**

**More details in next Pratibimb** ❑ **Sports committee**


## ઉત્કૃષ્ટ, સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક જૈન ભોજન માટે અવશ્ય પધારો

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

### નૂતન સહાય યોજના

- **મુખ્ય આધાર સ્થંભ: રૂા. ૩,૧૧,૦૦૦/–** • **સહાયક આધાર સ્થંભ: રૂા. ૧,૧૧,૦૦૦/–**
- **દાતા ફોટો યોજના: રૂા. ૫૧,૦૦૦/–** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળામાં મૂકવામાં આવશે.
- **રૂા. ૪૦,૦૦૦/–** એક સાધર્મિકને ૧ વર્ષ માટે રોજના બે સમય ભોજન માટે.
- **વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના: રૂા. ૫,૦૦૦/–** ચતુર્વિધ સંઘ સહાયક ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો. • તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીઓના નામ લખવામાં આવશે.

**સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘની ગણના પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧**

**સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT

# Return Gift

જગતસિંહ શેઠને ત્યાં ૩૬૦ નોકરો કામ કરે, જગતસિંહના મનમાં એવા ભાવ જાગે કે આ મારા નોકરો ૩૬૦ દિવસ મારી સેવા કરે છે. તો મારે પણ એ લોકોને શેઠ જેવા બનાવવા છે, જલ્દી જલ્દી કરોડપતિ બનવાની ઈચ્છા તો સામાન્ય વર્ગના બધા લોકોને જાગે છે, પણ ભાગ્યે જ કોઈ જગતસિંહ જેવા શેઠને હું બીજાને કરોડપતિ શેઠિયા બનાવી દઉ એવી ઈચ્છા કોઈ વિરલાઓને જાગે. આવી ઈચ્છા જગતસિંહના હૃદયમાંથી જાગતી હતી એક દિવસ તેઓએ પોતાની સંપત્તિના ૩૬૦ ભાગ કર્યા અને વારા-ફરતી બધા જ નોકરોને પોતાની સંપત્તિનો ભાગ આપી તેમને નોકરમાંથી શેઠ બનાવ્યા.

જગતસિંહ વિચારે છે, જેમની વફાદારી અને પરિશ્રમ, મહેનતના કારણે જ તો હું ધનવાન બની ગયો હતો આ ખુશીમાં જગતસિંહે આખા ગામને જમણ કરાવ્યું. એનો આનંદ એવો ફેલાયો કે બીજા પેલા જે નોકરમાંથી શેઠ બન્યા હતા. તે સહુએ પણ રોજે રોજ ગામમાં એક વર્ષ સુધી ભોજન કરાવ્યું તેઓમાં પણ ઉપકારવૃત્તિ રહેલી હતી.

**આ કથાનો સાર એ છે કે આપણા કારણે કોઈના ચહેરા ઉપર સ્મિત છલકે એને આપણું સદ્‌ભાગ્ય સમજવું. આપણે સુખડ, ચંદન જેવા બનીએ. સુખડની જેમ ઘસાઈને ચારે તરફના વાતાવરણને મહેકતું રાખીએ ધૂપસળી જાતે બળીને સુગંધ પ્રસારે છે. ફુલ અત્તર બનીને પણ મહેક આપે છે તો માનવી માત્ર એ આ કામ પહેલાં કરવું જોઈએ.**

વર્ષે દહાડે લાખો રૂપિયાનું દાન કરનાર પોતાના સગાં ભાઈ-બહેનોને મુશ્કેલીમાં સાથ નથી આપતો. રસ્તામાં જતા-આવતા મિત્રોને કે અન્ય જાણીતા સંબંધીઓને પ્રેમ કરીએ અને ઘરમાં સાથે રહેતા સ્વજનોને પ્રેમ તો ન કરે, પણ ધિક્કારને નફરતના ભાવથી જુએ. એક વાત **ખાસ યાદ રાખી લો ઉપકાર લેવાનો વખત તો જીવનમાં અનેકવાર આવે છે પણ ઉપકાર કરવાનો અવસર તો જિંદગીમાં એકાદવાર જ આવે છે,** જો તમને માત્ર ધન સંપત્તિ જ વહાલી છે, જેના પ્રત્યે આસક્તિ છે. વધુ ને વધુ મેળવવાની લાલચ છે. **તો સમજવાનું કે સુખડની જેમ ઘસાઈને બીજાને સુગંધિત કરવાની પાત્રતા આપણે કેળવી નથી.**

**તમારા ધનથી કોઈની આંખ લૂછાતી હોય  તે આંતરડી ઠરતી હોય તો એ આશીર્વાદ છે ને તમારું ધન કોઈની આંખે આંસુ લાવતો હોય તો એ અભિશાપ છે.**

પૈસાને પ્રેમ કરતાં પૈસાની પૂજા કરતા, પૈસાને તિજોરીમાં મુકીને ગણ્યા કરતા લોકોની કોઈએ નોંધ લીધી નથી અને **જેઓએ પૈસા ત્યાગીને બીજા જરૂરિયાતમંદોને સાચવ્યા છે તેનો તો ઈતિહાસ લખાયો છે.**

બચપણથી માંડીને અત્યાર સુધીમાં **જન્મદાતાથી માડીને જીવનદાતા સુધીની હજારો વ્યક્તિના ઉપકારોથી આપણે મોટા થયા છીએ. આપણને મહેકાવવા માટે ઘસારો વેઠ્યોજ છે તો હવે આપણો વારો છે કે આપણે પણ સુખડ બનીએ.**

**આપણા ચહેરા પરનું સ્મિત એ કુદરતે આપણને આપેલી બક્ષિસ છે, પણ એ જ સ્મિત જો આપણે કોઈના ચહેરા પર લાવી શકીએ તો Return Gift છે.**

❑ સંકલન:
ભારતીબેન શાહ

❖ અસ્તુ ❖


**ડૉ. શ્રેયા ઝવેરી**
બી.પી.ટી. એમ.પી.ટી. ન્યુરો (બ્રોન્સ મેડાલીસ્ટ KEM હૉસ્પિટલ)
**ન્યુરો ફિઝિયોથેરાપીસ્ટ**
ટ્રીટમેન્ટ્સ :-
* **મગજની તકલીફો :** પેરાલીસીસ, પાર્કીન્સન, વરટીગો, મલ્ટીપલ સ્કેલરોરીસ, પ્રોલેપસ ડિસ્ક.
* **હાડકાની તકલીફો:** સ્પોન્ડીલોસીસ, ફ્રેક્ચર, પેન મેનેજમેન્ટ, ઓસ્ટો આર્થરાઈટીસ, સર્જરી પછીની ટ્રીટમેન્ટ્સ.
* **મોટી ઉંમરની તકલીફો:** શરીરની અસ્થિરતા, પડવાનો ડર અને તેનો ઈલાજ
* **નાના બાળકોની તકલીફો:** સેલીબ્રલ પાલસી, ડાઉન સિન્ડ્રોમ, ડિલેઇ માઈલસ્ટોન, ADHD

**ક્લિનીક:**
વિદ્યા ક્લિનીક, વિલેપાર્લા (વે) • લલ્લુભાઈ પાર્ક, અંધેરી (વે)
હોમ વીઝીટ માટે સંપર્ક : 9769636266 ADVT



# શ્રી પાટણ જૈન મંડળ

## વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષ માટે વિવિધ સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

### સમાજ ઉત્કર્ષ સહાય :-

શ્રી પાટણ જૈન મંડળમાં સમાજના અનેક દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સખાવતોના પરિણામે આરંભાયેલ સમાજ ઉત્કર્ષની વિવિધ સહાયક યોજનાઓના માધ્યમથી પ્રતિ વર્ષ સમાજનાં જરૂરિયાતવાળા પરિવારોને આર્થિક રીતે મંડળ સહાયભુત થતું રહે છે, તદ્અનુસાર ચાલુ વર્ષે પણ આર્થિક સહાય / વૃદ્ધજન સહાય / મહિલા ઉત્કર્ષ, વિધવા સહાય તથા જીવન નિર્વાહ સહાય મેળવવા અંગેનું અરજી ફોર્મ ભરવું અનિવાર્ય છે, તેના અનુસંધાનમાં સંસ્થાના રેકોર્ડ અનુસાર ગત વર્ષે ઉપરોક્ત સહાય લીધેલ પરિવારોને તેનું નિયત ફોર્મ પોસ્ટ દ્વારા મોકલાવી આપેલ છે. જે સંપૂર્ણ વિગતો ભરી તા. ૩૧-૦૫-૨૦૨૩ સુધીમાં મંડળના કાર્યાલય ખાતે મોકલાવી આપવા વિનંતી છે.

આ ઉપરાંત સહાય લેવા ઈચ્છુક સમાજનાં પરિવારોએ સમાજ ઉત્કર્ષ સહાયનું ફોર્મ સંસ્થાના કાર્યાલય ખાતેથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી મોકલાવી આપવા વિનંતી છે.

### મેડિકલ સહાય :-

શ્રી પાટણ જૈન મંડળના અનેક દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સખાવતોના પરિણામે આરંભાયેલ મેડિકલ સહાયની વિવિધ સહાયક યોજનાઓના માધ્યમથી સમાજના જરૂરિયાતવાળા પરિવારોને તેમના હોસ્પિટલ સારવાર, મેડિક્લેઈમ પોલીસી પ્રિમીયમ વળતર અંગેના ખર્ચમાં મંડળ સહાયક થતું રહે છે. તદ્ અનુસાર ચાલુ વર્ષે ઉપરોક્ત કોઈપણ ક્ષેત્ર મેડિકલ સહાય મેળવવા ઈચ્છુક પરિવારોએ તે અંગેનું નિયત ફોર્મ સંસ્થાના કાર્યલયોમાંથી મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરી મોકલાવી આપવા વિનંતી છે.

### શિક્ષણ સહાય :-

શ્રી પાટણ જૈન મંડળના અનેક દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સખાવતોના પરિણામે આરંભાયેલ શિક્ષણ સહાયની વિવિધ સહાયક યોજનાઓના માધ્યમથી સમાજનાં પ્લે ગ્રુપ થી પોસ્ટ ગ્રેજ્યુએશન, વોકેશનલ કોર્સ, ડીગ્રી કે ડિપ્લોમા કોર્સ ઈત્યાદિમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક ખર્ચમાં મંડળ સહાયક થતું રહે છે. તદ્અનુસાર વર્ષ ૨૦૨૩-૨૪ના શિક્ષણ માટે ઉપરોક્ત કોઈપણ વિષયમાં અભ્યાસાર્થે જોડાયેલ વિદ્યાર્થીઓને તે અંગેનું નિયત ફોર્મ સંસ્થાના કાર્યાલયમાંથી અથવા મંડળની વેબસાઈટ www.patanmandal.org પરથી ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરી નીચે મુજબના કાર્યાલયો ખાતે મોકલાવી આપવા વિનંતી છે.

### શૈક્ષણિક લોન :-

સમાજના અનેક દાતાઓ દ્વારા પ્રાપ્ત થયેલ સખાવતોના પરિણામે આરંભાયેલ એજ્યુકેશન રિવોલ્વીંગ ફંડના માધ્યમથી વિદ્યાર્થીઓ દેશમાં રહીને કે પરદેશ જઈને ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા હોય તેઓને સંસ્થા દ્વારા નિયત સમયમાં પરત કરવાની શરતે વગર વ્યાજે લોન આપવામાં આવે છે. તો જરૂરિયાતવાળા પરિવારોએ તે અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરી સંસ્થામાં મોકલાવી આપવા વિનંતી છે.

**નોંધ :-**

મંડળના નિયમાનુસાર શક્ય હોય ત્યાં સુધી બેન્ક ઓફ બરોડા, પાટણ બેન્ક તથા ગ્રેટર બેન્કમાં અરજદારનું સેવીંગ્સ ખાતું હોવું જરૂરી છે, જેથી સહાયની રકમ ડાયરેક્ટ આપના ખાતામાં જમા કરાવી શકાય.

**ખાસ નોંધ:-** કોઈપણ સહાય મેળવવાના અરજીફોર્મ સાથે આપની બેન્કના ચેકની ઝેરોક્ષ જોડવી અનિવાર્ય છે.

### અરજીપત્રક મેળવવાના સ્થળો

**(૧) શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૮૭૭૯૧૬૧૨૦૯

**(૨) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨.
ફોન : ૯૧૫૨૯૯૮૮૬૫ સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૪.૦૦ થી ૭.૦૦

**(૩) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ -૪૦૦૦૬૮
ફોન: ૨૮૯૧૧૩૦૮ સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૩.૩૦થી ૬.૩૦

**(૪) શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ :** પટ્ટણી એજન્સી, ૬/૭, તપોવન વિદ્યાલય, સાઈરામ ટાવર સામે, ઈન્દ્રલોક ફેસ -૪, ન્યુ ગોલ્ડન નેસ્ટ, ભાયંદર (ઈ), જી. થાણા. મો. ૯૩૨૧૧૫૦૧૬૦

**(૫) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય :** શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળા શેરી, પાટણ - ૩૮૪૨૬૫.
ફોન : (૦૨૭૬૬)૨૨૦૭૧૫

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

# દવા સારવાર સહાય નવીન વ્યવસ્થા

શ્રી પાટણ જૈન મંડળની મેડિકલ સમિતિ દ્વારા સમાજનાં પરિવારો દ્વારા દવા સહાય મેળવવા અંગેની આવતી અરજીઓ સાથે રજુ થયેલ દવાના બિલો પૈકી હાલમાં સંસ્થાના નિતી નિયમાનુસાર સહાયની રકમ બેન્કના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે જેમાં આપને વધુ સુગમતા સગવડ મળી રહે તેવા શુભ આશયથી નવી નિમાયેલ મેડિકલ સમિતિ દ્વારા મે માસથી નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે. જેના પરિણામ સ્વરૂપ **દરેક અરજદારને દવા ખર્ચની કોઈપણ રકમ આપવાની રહેશે નહીં.**

(૧) દરેક અરજદારે દર છ માસે જ સહાય મેળવવાનું નિયત ફોર્મ ભરવાનું રહેશે.

(૨) દરેક અરજદારે દર મહિને તા. ૧ થી ૫ દરમ્યાન પોતાની દવાઓનું પ્રિસ્ક્રીપ્શન **(પ્રિસ્ક્રીપ્શન ઉપર અરજદારનું નામ હોવું જરૂરી છે)** પુરુ નામ, સરનામું આપનો મોબાઈલ નં. તથા હાલનો **(Patan FID) ફેમિલી આઈડી** ફરજિયાત લખીને **મો. 8286668666** ઉપર મોકલી આપવાનું રહેશે, જેની નકલ સંસ્થાની જાણ સારુ **મો 9619723857** ઉપર પણ ફરજિયાત મોકલવાની રહેશે. **તા. ૫ પછીનો ઓર્ડર સ્વીકારવામાં નહીં આવે.**

(૩) આપને આ નૂતન યોજના અન્વયે માત્ર બ્રાન્ડેડ દવાઓ, ઈન્સ્યુલીન, આઈ ડ્રોપ તથા ઓઈનમેન્ટ પ્રાપ્ત થઈ શકશે.

(૪) સંસ્થા દ્વારા નક્કી થયેલ **Medicimple** એજન્સી મારફત આપના પ્રિસ્ક્રીપ્શન મુજબની દવાઓ અંદાજે ત્રણ કામકાજના દિવસો દરમ્યાન ઘરબેઠા પહોંચાડવામાં આવશે.

(૫) મુંબઈ બહાર વસતા અરજદારો પણ આ યોજનામાં સહભાગી થઈ શકશે, તેઓને દવાઓ પ્રાપ્ત થતાં કુરિયર કે કોઈપણ ડિલીવરી ચાર્જીસની રકમ આપવાની રહેશે નહીં જે સંસ્થા દ્વારા ભોગવવામાં આવશે.

(૬) આગળના પ્રતિબિંબમાં ગત માસ દરમ્યાન થયેલ જાહેરાતના પ્રતિસાદરૂપે આપણા ઘણા મેમ્બરભાઈ/બહેનોએ મે મહિનામાં મેડિસીન સહાય યોજાનાનો લાભ લીધેલ છે. **નિયમિત દવા સહાય લેતા સમાજનાં પરિવારોમાંથી જેઓએ હજુ આ યોજનામાં જોડાયા ના હોય તેઓએ વહેલી તકે તેનું નિયત ફોર્મ ભરી જોડાવું અનિવાર્ય છે.**

(૭) **પ્રિસ્ક્રીપ્શન મુજબ જેટલી જરૂર હોય તેટલી જ દવાનો ઓર્ડર લખી મોકલવો.**

(૮) આ યોજના અંતર્ગત દરેક ફેમિલીએ રૂા. 1500/- ડિપોઝીટ તરીકે કાયમી ધોરણે આપવાના રહેશે જે રકમ આપે **મોડામાં મોડું તા. ૩૧-૦૫-૨૦૨૩ સુધીમાં સંસ્થાના મુખ્ય કાર્યાલય ખાતે ભરપાઈ કરવાના રહેશે.** મુંબઈ બહાર વસતા અરજદારોએ સંસ્થાની **બેન્ક ઓફ બરોડા, સેવીંગ એકાઉન્ટ નં. 04050100007810 ખાતે ભરપાઈ કરવાના રહેશે, જેનું સ્કીનશોટ, પુરુ નામ,** શહેરનું નામ મંડળના **મોબાઈલ નંબર 9619723857 ખાતે મોકલી આપવાનું રહેશે.**

(૯) સંસ્થા દ્વારા અમલીકરણમાં આવેલ આ નૂતન યોજના અંતર્ગત નહીં જોડાયેલા પરિવારોને પોતાની દવાનો ખર્ચ જાતે ભોગવી લેવાનો રહેશે જેની ખાસ નોંધ લેવી.

(૧૦) આ યોજના અંતર્ગત સરકાર દ્વારા પ્રતિબંધીત દવાઓનો સપ્લાય કરવામાં નહીં આવે, તે દવાઓ દરેક વ્યક્તિએ પોતાની સગવડતા મુજબ મેળવી લેવાની રહેશે, અને આ દવાઓના વપરાશ અંગે સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૧૧) આ યોજના અંતર્ગત હોમિયોપેથીક કે આર્યુવેદિક દવાઓ પ્રાપ્ત થઈ શકશે નહીં, તેઓએ હાલની પદ્ધતિ મુજબ જ દર ચાર માસે દવાના અસલ બિલો રજુ કરી સહાયતા મેળવવાની રહેશે.

## SBI મેડિક્લેઈમ પોલીસી કાર્ડ

આપને જે **SBI** ના **Mediclaim** ના કાર્ડ આપવામાં આવ્યા છે તેની એક ઝેરોક્ષ કોપી આપની સાથે કાયમ બહાર જાવ ત્યારે રાખવી જરૂરી છે, ઈમરજન્સીમાં આનો ઉપયોગ કરી શકાય.

**SBI Mediclaim** નું રીએમ્બેંસમેન્ટ ક્લેઈમ માટે કોઈ તકલીફ આવે તો શ્રી વિનયભાઈ રમેશચંદ્ર શાહ - વસઈનો સંપર્ક મો ૯૪૨૩૯ ૮૯૩૦૨ / ૯૩૨૨૨ ૬૨૬૯૯ કરવા વિનંતી.

❑ **મેડિકલ સમિતિ**

# સિદ્ધહેમ જ્ઞાનપીઠની રજત જયંતિ અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સંચાલિત સિદ્ધહેમ જ્ઞાનપીઠ જે છેલ્લા ૨૫ વર્ષથી સંસ્કૃત, પ્રાકૃત, જૈન આધ્યાત્મિક ગ્રંથોના શિક્ષણ પ્રસારની પ્રવૃત્તિ કરે છે જેમાં જૈન સાધુ, સાધ્વીજી ભગવંતો તથા મુમુક્ષુ ભાઈ-બહેનો અભ્યાસ કરે છે તેના ૨૫ વર્ષ પૂર્ણ થતાં હોઈ રજત જયંતિની ઉજવણી તા. ૮મી એપ્રિલના દિવસે ગોળ શેરીમાં આવેલા મકાનમાં ખૂબ ઉલ્લાસપૂર્વક સંપન્ન થઈ.

હાલ પાટણમાં પધારેલા **પ.પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.** (ડહેલાવાળા)ના વિદ્વાન શિષ્યો, વિશાળ સાધ્વીજી ભગવંતો પાટણના જૈન અગ્રણીઓ, ડૉક્ટર સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

**પ.પૂ.આ.ભ.. શ્રીમદ્ વિજય જગ્ગચંદ્ર સૂરીશ્વરે** તેમના પ્રવર્ચનમાં પાટણની ઐતિહાસિક જ્ઞાન સમૃદ્ધિ અને ખાસ કરીને **શ્રી હેમચંદ્રચાર્ય** દ્વારા થયેલ જ્ઞાન-સાહિત્યની રચના પર પ્રકાશ નાખ્યો હતો અને તેમના જીવનમાં બનેલી વિવિધ ઘટનાઓને ટાંકી જ્ઞાન અને અભ્યાસનું મહત્વ સમજાવ્યું હતું. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ઊર્જાપુરુષ હતા. તેમણે પાટણને કાશી બનાવ્યું હતું. સિદ્ધહેમ શબ્દાનુશાસન વ્યાકરણના આઠ અધ્યાયમાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું વ્યાકરણ રચ્યું હતું. તેઓશ્રીએ આજના સમયમાં થતી જ્ઞાન અભ્યાસની અવગણના તરફ સમાજની ઉદાશીનતા તરફ ચિંતા અને દુ:ખ વ્યક્તકર્યુ હતું. પૂજ્યશ્રીએ અદ્ભુત જ્ઞાન વારસા તરફની ઉદાસીનતા વ્યક્તિઓના ચારિત્ર વિકાસની વિકૃતિઓ લાવે છે. સામાજીક અને વ્યક્તિગત નૈતિકતાને કલુષિત કરે છે. આચાર્યશ્રીએ પાટણને કાશી, તક્ષશિલા જેવું અભ્યાસનું કેન્દ્ર બનાવવા હાકલ કરી હતી.

પ.પૂ. આચાર્ય ભગવંતના બે વિદ્વાન શિષ્યોએ પણ પાટણમાં થયેલ ઐતિહાસિક ઘટનાઓ અને જ્ઞાન સર્જન વિશે રસપ્રદ પ્રવચન આપ્યું હતું અને શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠની પ્રવૃત્તિઓ અને ભવિષ્યમાં પણ સ્વર્ણ અને હીરક જયંતિ ઉજવે તેવા આશિર્વચન આપ્યા હતા.

પાટણ મંડળના પૂર્વ પ્રમુખ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** તેમજ **ડૉ. યશવંતભાઈ ઝવેરી** તથા સિદ્ધહેમ જ્ઞાનપીઠના માનદમંત્રીઓ તેમજ પંચાસર જૈન મંદિરના ટ્રસ્ટીઓ તથા પાટણના જૈન અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે જૈન સાધુ-સાધ્વીઓની સારવાર કરનાર પાટણના સેવાભાવી ડૉક્ટરશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓનું મંડળ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્વાન **જૈનાચાર્ય મુનિચન્દ્રસુરીજી મ.સા.** તથા ત્રિસ્તુતિક સમુદાયના **ગચ્છાધિપતિ નિત્યસેનસૂરીજીના** આશિર્વચન પત્રરૂપે પ્રાપ્ત થયા હતા. પાટણમાં બે વર્ષ સુધી રહીને અભ્યાસ કર્યો હતો તેવા ત્રિસ્તુતિક સમુદાયના **મુનિશ્રી નિપુણરત્નવિજયજીએ** પણ આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.








## બાકી છે

જીવનને હજી જાણવાનું બાકી છે
વહી ગયેલી જિંદગીનો હિસાબ બાકી છે..
વસંતને દુશ્મની છે પેલા પાનખરની
હજુ બાકી જિંદગીનો શણગાર બાકી છે...
બાગ હશે તો ક્યારેક ફુલો ખીલશે જ
ગુંજતા ભમરાની વણઝાર બાકી છે...
વહાવી સુવાસ ફુલોએ સમર્પણથી,
અધખોલી કળીઓનો પમરાટ બાકી છે...
કિનારાને કદીયે કિનારો નથી મળતો,
અને ડૂબતી નૈયાને કિનારો બાકી છે...
કદી પૂછું દોડતાં ઝરણાને તો કહે છે,
હજુ મારે દરિયાનું મિલન બાકી છે...
બાકી છે બાકી છે ની વણઝાર લાગી છે,
જીવનના વીતી ગયેલા વર્ષોની વાત બાકી છે...
સરવાળા, ગુણાકાર, ભાગાકાર બાકી છે...

❑ શીલા શાહ, બોરીવલી

## શિખરજી યાત્રા પ્રવાસ

**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના પરિવારો માટે સમેતશિખરજીની મહાયાત્રાનું ભવ્ય આયોજન કરવાનું નક્કી થયેલ છે જેના વિશાળ ખર્ચમાં સહાયક થવાના શુભ આશયથી નીચે મુજબના દાતાઓ તરફથી દાન નોંધાયેલ છે જેની ખૂબ ખૂબ અનુમોદના. હજી વધુ દાતાઓ આવકાર્ય છે.**

**રૂા. ૧૦ લાખના સમેતશિખર યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાઓ :-**

૧. શ્રી પંકજભાઈ નેમચંદ શાહ ( પોળની શેરી)
૨. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ પરિવાર (કનાસાનો પાડો)
૩. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)
૪. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (અમદાવાદ)
૫. શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
૬. શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર (હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)
૭. શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૮. શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ (હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંકમહેતાનો પાડો)


### સખાવત માટે અપીલ

## શેઠ રતનચંદ મગનલાલ પાટણવાલા જૈન ધર્મશાળા, પાલિતાણા

**પ્રિય સ્નેહીજનો,**

શેઠ રતનચંદ મગનલાલ પાટણવાલા જૈન ધર્મશાળા, પાલિતાણા, **સ્વ. કીર્તિલાલ ગભરૂચંદ શાહની** દિશાસૂચન હેઠળ ૨૦ વર્ષ પહેલાં બાંધવામાં આવી હતી.

હું **રશ્મિકાંત પ્રેમચંદ શાહ,** શેઠ રતનચંદ મગનલાલ પાટણવાલા જૈન ધર્મશાળા, પાલિતાણાના ટ્રસ્ટીઓ વતી સખાવત માટે અપીલ કરવા માગુ છું. વિનંતી કરેલ સખાવત નીચેના હેતુઓ માટે છે.

**સમારકામ અને જાળવણી ખર્ચ રૂા. ૩૨,૦૦,૦૦૦/- :-**

છેલ્લા ૨૦ વર્ષોમાં ધર્મશાળા જીર્ણ થઈ ગઈ છે. તેને ફરીથી જીર્ણોદ્ધાર કરવાની જરૂર છે. આ પુનઃકાર્યનો હેતુ રૂમને સુધારવા શૌચાલય, કોરિડોરનું નૂતનીકરણ મહત્વનું રહેશે.

**સૌર ઉર્જા અપનાવવી:-**

સૂર્ય ઉર્જાનો વધુ ઉપયોગ કરવો મોટા ભાગની શક્તિ બળતણમાંથી નીકળતા ધુમાડા પર્યાવરણને અને આસપાસના વાતાવરણને બગાડે છે. તેથી ૧૦ કેવીએ ક્ષમતાને સોલાર પાવર પેનલ લગાવવા માંગીએ છે.

**કોરપસ ફંડ:-**

છેલ્લા બે દાયકાઓમાં અમે અમારી કામગીરીમાં આત્મનિર્ભર બનવાનો પ્રયાસ કર્યો છે અને અમારા ધ્યેયમાં આંશિક રીતે સફળ થવાની અને સમારકામ અને જાળવણી જેવા મોટા ખર્ચની આગાહી કરવાનું ચૂકી ગયા છીએ. જો કે અમે નિયમિત જાળવણીનું સંચાલન કરવામાં સક્ષમ છીએ. પરંતુ પરિસરને આકર્ષક બનાવવા માટે મોટા ખર્ચની જરૂર છે. અમારા અનુભવમાંથી સુધારો કરીએ તેની ખાતરી કરવા માટે એક કોરપસ ફંડ બનાવવા માંગીએ છીએ. જે પરિસરની વધુ જાળવણીમાં મદદ અને સમર્થન કરી શકે.

**નાની કેન્ટિન:-**

મહેમાનો કે જેઓ આપણી ધર્મશાળામાં રોકાય છે, તેઓને ચા નાસ્તા માટે બહાર જવું પડે છે. તેના નિવારણ માટે નાનકડી કેન્ટિનનું નિર્માણ કરવા માંગીએ છીએ. જે આવકનું સાધન બની શકે અને સાથોસાથ આપણા મહેમાનોને સુવિધા પૂરી પાડી શકે.

હાલમાં **સ્વ. શ્રી પ્રેમચંદ મોતીલાલ શાહના** દાનથી સમારકામ અને જાળવણીનું કાર્ય શરૂ કર્યું છે. જેઓ શેઠ રતનચંદ મગનલાલ શાહ દ્વારા સ્થાપિત મૂલ્યવાન વારસો ચાલુ રાખવા માંગતા હતા.

**અમે અમારા હાલના અને નવા બને સમર્થકોને અપીલ કરવા માંગીએ છે કે અમને ફંડ પ્રદાન કરવામાં મદદ કરે.**

આભાર,

ADVT

રશ્મિકાંત શાહ : ૯૮૨૦૨૩૩૪૩૦ • દિપકભાઈ શાહ : ૯૩૨૩૬૭૮૭૩૨

# પુણ્ય ક્યારેય વેચવું નહીં

સજ્જન નામનો એક માણસ નામ પ્રમાણે જ સજ્જન હતો તે હંમેશા બીજાનું ભલું કરવામાં જ તેને રસ હતો. ઉદાર પણ હતો, દાન આપવામાં તે કદી પાછો પડતો નહીં, પરંતુ એમ કરતા એવો સમય આવ્યો કે તેનું બધું જ ધન ખાલી થઈ ગયું. તે નિર્ધન બની ગયો, ધીમે ધીમે ગરીબી વધતી ચાલી.

એક દિવસ તેની પત્નીએ કહ્યું, 'તમે એક કામ કરો આપણા દેશની રાજધાનીમાં એક શેઠ રહે છે પુણ્યચંદ નામે એ શેઠના ઘણા ધંધા છે, તેમાનો તેમનો એક વ્યાપાર એ પણ છે કે તે શેઠને તમે તમારું પુણ્ય આપો તો તેના બદલામાં તે તમને ધન આપે તો પુણ્યનો વેપાર ચલાવાતા પૂણ્યચંદ શેઠ પાસે જઈ આવો અને બદલામાં ધન લઈ આવો તો આપણું ઘર ચાલે.'

પત્નીની વાત સ્વીકારી સજ્જને બીજે દિવસે જવાનું નક્કી કર્યું. પત્નીએ બનાવેલા ચાર રોટલા લઈ સજ્જન ત્યાંથી રવાના થયો. ચાલતાં ચાલતાં બપોર પડી અને સજ્જન રાજધાનીને પાદરે પહોંચ્યો તળાવના કિનારે વિસામો કર્યો અને ત્યાં જ સ્નાનાદિ ક્રિયા કરી થાક ઉતાર્યો. સ્વચ્છ અને સ્વસ્થ બન્યો, રોટલો ખાવાની તૈયારી કરે છે, ત્યાં જ એક બે દિવસ પહેલાં વિલાયેલી કૂતરી પૂછડી પટપટાવતી સજ્જનની પાસે આવીને ઊભી રહી અને મને ખૂબ ભુખ લાગી છે તેવા ભાવ બતાવતી તરસી આંખે રોટલાને જોઈ રહી.

સજ્જન એની આંખોના ભાવને સમજી ગયો કેમકે કૂતરીની બાજુમાં જ એના ત્રણ ગલુડિયા પણ ભૂખથી બેબાકળા બનેલા, તેમની ભાષામાં રડી રહ્યા હતા. સજ્જને તરત જ પોતાની પાસેના ચારે રોટલા કૂતરી અને ગલુડિયાને આપી દીધા. રોટલા ખાઈને કૂતરો અને ગલુડિયાએ પરમતૃપ્તિ અનુભવી અને શાંતિથી પોતાની જગ્યાએ જઈને બેસી ગઈ.

સજ્જન ભૂખ્યો જ ત્યાંથી ઊભો થઈ ગયો પણ કૂતરી અને તેના ગલુડિયાની ભૂખ સંતોષ લઈને તે ત્યાંથી રવાના થયો. પૂછતાં સજ્જન પુણ્યચંદ શેઠના બંગલે આવી પહોંચ્યો. હીંચકે બેસીને ઝૂલા ખાતા પુણ્યચંદ શેઠના પગે પડી સજ્જન બોલ્યો 'શેઠજી! હું ગરીબ છું, મારું પુણ્ય વેંચવા તમારે ત્યાં આવ્યો છું.'

શેઠે કહ્યું, 'તું અહીં બેસ, હું અંદર જઈને આવું'

શેઠ અંદર ગયા અને પોતાની પતિવ્રતા પત્નીને પૂછ્યુંઃ 'બહાર એક દરિદ્રનારાયણ પુણ્ય વેચવા આવ્યો છે, તો એનું કયું પુણ્ય ખરીદીએ!'

પુણ્યચંદ શેઠની પત્ની પરમ પતિવ્રતા હતાં તેથી તેણીને ત્યાં આવેલી વ્યક્તિના વીતેલા પ્રસંગોનું જ્ઞાન થઈ જતું. તેણીએ કહ્યું, 'એમ કહો, તેણે હમણા તળાવના કિનારે જે પુણ્ય બાંધ્યું છે, તે ખરીદી લ્યો.'

પુણ્યચંદ શેઠ બહાર આવ્યા અને સજ્જનને કહ્યું, 'આજે તે તળાવના કિનારે જે પુણ્ય બાંધ્યું છે તે આપી દે, તો તને તારા રોટલાના ભારોભાર રત્નો આપું!'

સજ્જને આશ્ચર્ય સાથે પૂછ્યું - પણ તમને એ કેમ ખબર પડી?

અને પુણ્યચંદ શેઠે પોતાની પતિવ્રતા પત્નીની વાત તેને કહી અને પૂછ્યું 'બોલ, શું કરવું છે?'

સજ્જન તે પુણ્ય વેચવા કબૂલ થયો, પછી સજ્જનના કહ્યા પ્રમાણે શેઠે ચાર રોટલા બનાવડાવ્યા અને ત્રાજવાના એક પલ્લામાં રોટલા મૂક્યા તથા બીજા પલ્લામાં રત્નો મુકવા માંડ્યા.

પણ આ શું? સૌ આશ્ચર્યથી જોઈ જ રહ્યા, બીજા પલ્લામાં રત્નોનો મોટો ઢગ ખડકી દીધો તે છતાં ય તે પલ્લુ જરાય નમતું નહોતું અને રોટલાનું પલ્લું જરાય ઊંચું નહોતું થતું.

શેઠે મુનીમ પાસે રત્નોની બીજી થેલીઓ મંગાવી.

ત્યારે આશ્ચર્યથી આ બધો તમાશો જોઈ રહેલા સજ્જને કહ્યું, 'ના શેઠજી, થેલીઓ ના મંગાવશો મારે રત્નોય નથી જોઈતા અને મારે આવું પુણ્ય વેચવું પણ નથી પુણ્યનો આવો પ્રભાવ તો આજે મેં પહેલીવાર જ નજરે જોયો હવે હું જાઉ છું.'

આટલું કહી સજ્જન ત્યાંથી રવાના થયો.

જે તળાવના કિનારે તેણે કુતરીને રોટલા ખવડાવ્યા હતા ત્યાં આવ્યો. રાત પડી ગઈ હતી, તેથી રાત વિસામો ત્યાં જ રોકાયો.

વહેલી સવારે તે ઉઠ્યો 'પત્ની પુછશે તો જવાબ શું આપીશ? એના પર વિચાર કરી ત્યાં પડેલા પથરા ઉઠાવી પોટલીમાં ભરીને તે રવાના થયો. ઘરે પહોંચ્યો, પોટલી પત્નીના હાથમાં પકડાવી સ્નાન કરવા ગયો.'

પત્નીએ પોટલી છોડી, જોયું તો રત્નોનો ઝગમગાટ..

સજ્જન સ્નાન કરીને બહાર આવ્યો ત્યારે પત્નીએ પૂછ્યું, 'શું વાત છે?'

ઘણુંબધું પુણ્ય વેચી આવ્યા કે શું? આટલા બધા મોંઘા રત્નો લઈ આવ્યા છોને!

સજ્જને તેણીના હાથમાંના રત્નો જોઈને બધી હકીકત સજ્જને તેણીના હાથમાંના રત્નો જોઈને બધી હકીકત કહી. અતીથી ઈતી સુધીનો આખો પ્રસંગ કહી સંભળાવ્યો, પત્ની તો સાંભળતી જ રહી. આશ્ચર્યથી આંખો પહોળી કરી ઘડીકમાં તો રત્નો અને ઘડીમાં પોતાના પતિને જોતી રહી.

સજ્જને છેલ્લે એક વાત ઉમેરતા કહ્યું - ''પુણ્ય ક્યારેય પણ વેંચવું નહીં, વેચેલા પુણ્યની કિંમત કાચના કટકા જેટલી છે અને નહીં વેચેલા પુણ્યની કિંમત અમૂલ્ય રત્નોના ઢગલા જેટલી છે. પુણ્ય વેચવાની ચીજ નથી પુણ્ય માત્ર કરવાની જ ચીજ છે.

❑ સંકલન : ભારતી બી. શાહ

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા માટે દાનની વિજ્ઞપ્તિ




સમાજના શ્રેષ્ઠીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષણ પ્રેમીઓનો અદ્‌ભૂત પ્રતિસાદ રૂા. ૪.૫૦ કરોડના પ્રોજેક્ટ સામે લગભગ રૂા. ૩.૭૫ કરોડની દાન ઉપલબ્ધી. આપ સૌ પ્રતિ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ?**
**શિક્ષણ પ્રાપ્તિ દ્વારા જીવનમાં તમોએ મેળવેલી સફળતા – સમૃદ્ધિને સ્મૃતિ પટ પર રાખી**
**આ અભિયાનમાં જોડાઓ.... બીજાઓને સફળ બનાવો.... પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.**

## PRIMARY SCHOOL PROJECT SCHEME FOR DONATION

| No. | Details | Donors Name | Price |
|---|---|---|---|
| 1. | Main Building | Shri Tribhuvanbhai D. Patel | 1,51,00,000 |
| 2. | Computer Room | Shri Niranjanbhai Amrutlal Shah | 30,00,000 |
| 3. | Siddhahem Gyan Lobby | Smt. Bhagvatiben Vinodchandra Shah | 10,00,000 |
| 4. | Siddhahem Gyan Lobby | Dr. Yashwantbhai Harilal Jhaveri | 10,00,000 |

### Digital Class Room Each Rs. 7,00,000/- (14 Class Room alloted)

1 Smt. Bhagvatiben Vinodchandra Shah
2 Shri Jaswantbhai-Ex.Student- Amvd.
3 Smt. Indiraben Sevantilal Shah
4 Smt. Nirmalaben Ravindrabhai Shah
5 Shri J.K.Shah & Amitbhai Tarachand Sanghvi
6 Shri Yogeshbhai Nemchand Shah
7 Shri Hasmukhlal Mahasukhlal Shah
8 Shri Rasmikaben Bharatbhai Shah
9 Shri Rasiklal Chhotalal, Ahmedabad-Ex. Student
10 Shri Priyavadanbhai Khubchand Shah
11 Smt. Pareshaben Rajeshbhai Shah
12 Shri Mukeshbhai Navinchandra Shah
13 Smt. Sushilaben Rameshchandra Shah
14 Smt. Nainaben Dineshbhai Shah

| | | | |
|---|---|---|---|
| 5. | Library | Shri J.K. Shah & Amitbhai Tarachand Sanghvi | 7,00,000 |
| 6. | Staff Room | Shri Mitinbhai Ambalal Patel - Ex Student | 5,50,000 |
| 7. | Principal Room | Smt. Pritiben Pareshbhai Shah | 5,50,000 |
| 8. | Sangeet Room | Shri Vallabhbhai Dhanjibhai Patel | 5,50,000 |
| 9. | Art Room | Shri Hasmukhbhai Gadecha - Ex Student | 5,50,000 |
| 10. | Balvatika Wall & Garden | Smt. Bhagvatiben Vinodchandra Shah | 8,00,000 |
| 11. | Balvatika | Shri Mukeshbai Navinchandra Shah | 3,00,000 |
| 12. | Water Room | Shri Harshilbhai Mitulbhai Shah | 3,00,000 |
| 13. | Water Room | Shri Rajendrabhai Jayantilal Shah | 3,00,000 |
| 14. | Water Room | Shri Akshaybhai Pragneshbehai Shah | 3,00,000 |
| 15. | Water Room | Shri Ketanbhai Hasmukhlal Shah | 3,00,000 |
| 16. | Visitor Room | Ex Student 1975-1976 | 5,50,000 |

**બહુ ઓછા લાભ આપવાના બાકી છે આજે જ સંપર્ક કરશો :**

| | | | |
|---|---|---|---|
| Science Lab | 1 | ... | 25,00,000 |
| General Lab | 1 | ... | 25,00,000 |
| Sidhahem Lobby | 2 each | ... | 10,00,000 |
| Lift | 1 | ... | 5,50,000 |
| Conference Room | 1 | ... | 30,00,000 |
| Multipurpose Hall | 1 | ... | 30,00,000 |
| Canteen | 1 | ... | 5,50,000 |
| Lift | 2 | ... | 5,50,000 |


શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ – ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ – ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ – ૯૩૨૩૧૮૯૯૪૧


Cont page 10

## સંસ્થા સમાચાર

### સોમીબા ક્લીનીક

શ્રી પંચાસરા પાર્શ્વનાથજી જૈન દહેરાસરની સામે ખડાખોટડી પાડાના નાકે ‘માતુશ્રી સોમીબા ક્લીનીક’ આવેલ છે જેમા ડૉ. સ્પીનાબેન તેમજ ડૉ. વિરલભાઈ છેલ્લા ૯ વર્ષોથી સેવા આપી રહ્યા છે. કોઈપણ જાતના જ્ઞાતીના ભેદભાવ વગર સર્વે જનતાનો નિઃશુલ્ક ઉપચાર કરવામાં આવે છે. જરૂરિયાતવાળા દર્દીઓ દવા લેવા માટે ૪/૫ કિ.મી. ચાલીને આવે છે. તેઓ તદ્દન નિરાધાર હોવાથી તેમનો વિશેષ ઉપચાર કરવામાં આવે છે જે પૈકી મોંઘી દવાઓ અને નાના મોટા ઓપરેશનો નિઃશુલ્ક કરવામાં આવે છે. સાધુ-સાધ્વી તેમજ ચતુર્વિધ સંઘની ભક્તી નિઃશુલ્ક થાય છે. આ ક્લિનિકમાં સરેરાશ અંદાજે રોજના ૮૦ થી ૧૦૦ દર્દીઓ લાભ લે છે.

### ગોરેગામ પાટણ જૈન મિત્ર મંડળ
### ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટ

તા. ૩૦-૦૪-૨૦૨૩ના રવિવારના રોજ સંસ્થા દ્વારા ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરાયું હતું. આ ટુર્નામેન્ટ બપોરે ૩ થી રાત્રે ૧૨ કલાક સુધી ચાલુ હતી. જેમાં ૬ જેન્ટ્સ અને ૨ લેડીઝ ટીમના કુલ ૯૨ યુવક અને ૨૮ જેટલી યુવતી તથા મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ ટીમના પ્લેયર્સે શ્રેષ્ઠ ક્રિકેટનું પ્રદર્શન કર્યું હતું.

આ પ્રસંગે હાઈ-ટી અને ડીનરનું આયોજન પણ કરાયું હતું. લગભગ ૨૫૦ જેટલા પટણી પ્રેક્ષકોની ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમના અંતે શ્રી ગોરેગામ પાટણ જૈન મિત્રમંડળના પ્રમુખ **શ્રી શૈલેષભાઈ કે. શાહ** તથા ટાઈટલ સ્પોન્સરર **શ્રી સૌરીનભાઈ આર. શાહ** (ઢેઢેરવાડો) અને કમિટીના વિવિધ હોદ્દેદારો દ્વારા વિજેતા ટીમના પ્લેયર્સ તથા રનર્સ અપ ટીમને વિવિધ ટ્રોફીઓ એનાયત કરવામાં આવી હતી.


AAROGYA 365 Presents... Anemia Profile

Prevention is always a better option than cure
Get your Preventive Anemia Profile done today!

Anemia Profile
- Haemogram(CBC)
- AST (SGOT)
- Creatinine
- Iron Tibc and Saturation
- Ferritin
- Cyanocobalamin (Vitamin B12)

~~2210~~ 1199

Home Collection Facility Available

9031 247 365

ONLINE BOOKING
Website : www.aarogya247365.com

ADVT

GOREGAON: Flat No. 1, Bldg.No.1, A-Wing, Piramal Nagar Co-Op HSG LTD, Ground Floor, S.V. R.d. Near Patel Petrol, Goregaon (W), Mum.-104. Mob.: 7276 247 365

BORIVALI: Shop No.2, Shree Pancham Avenue, Near Joggers Park, O ffShimpoli Road, Chikoowadi, Borivali (W), Mum.-92. Mob.: 8092 247 365

MIRA ROAD: Shop No. 12, Grd. Flr, Happy Home Complex Bldg. No. 1&2, Shanti Park, Near Bank of India , Mira Road (E), Mum.-107. Mob.: 8758 247 365


## CSR માંથી દાન માટે વિજ્ઞપ્તિ

**સરકારી કાયદા અન્વયે મોટા ઉદ્યોગો, પ્રાઈવેટ લિમિટેડ કંપની અથવા પબ્લિક લિમિટેડ કંપનીઓને તેમના નફાના બે ટકા જેટલી રકમ રજીસ્ટર્ડ સામાજિક સંસ્થાઓને CSR માંથી મેડિકલ, શિક્ષણ તથા આર્થિક સહાયમાં ફાળવવાથી ટેક્ષમાં રાહત મળે છે.**

**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના જરૂરિયાતવાળા પરિવારોને નિયમિતપણે ઉપર મુજબના ખર્ચાઓમાં સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત ચાલુ વર્ષથી પાટણ ખાતે પ્રાયમરી સ્કુલ અંગે થનાર લગભગ પાંચ કરોડ તેમજ ગોરેગામ ખાતે મેડિકલ સેન્ટર માટે થનાર લગભગ પચ્ચીસ કરોડના પ્રોજેક્ટ માટે દાનની આવશ્યકતા છે. જેમાં આપશ્રી ઉપર જણાવ્યાનુસાર કંપનીમાંથી CSR માંથી વધુમાંવધુ રકમનું દાન આપવા હાર્દિક વિજ્ઞપ્તિ છે.**

**આપના CSR ફંડના દાનના પરિણામે આપને ટેક્ષમાં રાહત પ્રાપ્ત થશે અને સંસ્થાને એક વિશાળ ફંડમાં પુરક રકમની મદદ થશે.**

❑ શ્રી પાટણ જૈન મંડળ

**CSR Reg. No. is CSR00021739 Dt. 03-02-2022**


**કોઈપણ વિદ્યાર્થીને મહાવીર જૈન વિદ્યાલય અમદાવાદ ખાતે આ વર્ષે એડમિશન જોઈતું હોય તો મારી ટ્રસ્ટ સીટ ખાલી છે.**

**સંપર્ક :**

**શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ**
(અબજી મહેતાનો પાડો)
મો. 9322661112

ADVT






**કોઈપણ સંઘ/દેરાસરમાં ભગવાનની આગળ કલ્યાણકના દિવસે મુકવા માટે કલ્યાણક પટ્ટીનો સેટ (વિના મૂલ્યે) જોઈતો હોય તો સંપર્ક કરવો.**

**શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ**
(અબજી મહેતાનો પાડો)
મો. 9322661112

ADVT

# પેટની ભૂખને મનની માગ ભુલાઈ ગઈ

સ્વામી વિવેકાનંદના પિતાનું અવસાન થયું. વિવેકાનંદને માથે ઘણું દેવું આવી પડ્યું. દેવું ચૂકવવાનો કોઈ રસ્તો નહોતો. વળી વિવેકાનંદ તો કોઈ બીજીજ દુનિયાના માનવી હતા. એમના મન પર તો સ્વામી રામકૃષ્ણ છવાઈ ગયા હતા. આથી આખો દિવસ એમની પાસે પસાર કરે, સત્સંગ કરે સાધુસંગત કરે. ઘેર હાલ્લા કુસ્તી કરે. વિધવા માની વેદનાનો પાર નહીં. વિવેકાનંદ ઘેર આવે અને જુએ કે માંડ એક વ્યક્તિને પૂરું થાય એટલું ભોજન છે, તો માતાને કહે કે, 'આજે તો મારે મિજબાનીમાં જવાનું છે. હમણા ભોજન લઈને આવું છું.'

વિવેકાનંદ બહાર જાય આમતેમ ફરી આવે. રસ્તા પરના નળનું ખૂબ પાણી પીએ અને ઓડકાર બોલાવતા ઘરમાં દાખલ થાય. વિવેકાનંદની આ હાલત રામકૃષ્ણ પરમહંસથી છૂપી ન રહી. એમણે જોયું કે પોતાના શિષ્યને એવી કારમી ગરીબાઈમાંથી પસાર થવું પડે છે કે એક ટંક ખાવાના પણ સાંસા છે.

સ્વામી રામકૃષ્ણ પરમહંસે પોતાના જુવાન શિષ્ય વિવેકાનંદને બોલાવ્યા, કહ્યું કે, 'આટલો પરેશાન શા માટે થાય છે ? મંદિરમાં જઈને મા કાલીની મૂર્તિ પાસે માગી લે, જે માંગવું હોય તે માગી લે.'

ગુરુની આજ્ઞા હતી, વિવેકાનંદ મંદિરમાં ગયા. રામકૃષ્ણ બહાર ઊભા રહ્યા. એકાદ કલાક પસાર થઈ ગયો. વિવેકાનંદ બહાર આવ્યા. એમના ચહેરા પર આનંદ આનંદ છવાઈ ગયો હતો.

રામકૃષ્ણે પૂછ્યું, 'કેમ, માગી લીધું ને ?'

વિવેકાનંદ કહે, 'અરેરે, હું તો માને જોઈને માગવાનું જ ભૂલી ગયો. સારું થયું તમે મને યાદ કરાવ્યું.'

સ્વામી રામકૃષ્ણે શિષ્યને ફરી અંદર મોકલ્યો ત્રણેક કલાક પછી વિવેકાનંદ બહાર આવ્યા. એમના ચહેરા પર પ્રસન્નતા લહેરાતી હતી.

સ્વામી રામકૃષ્ણે પૂછ્યું, 'કેમ, માગી લીધું ને ?'

વિવેકાનંદે લાચાર અવાજે કહ્યું, 'ગુરુદેવ, મા પાસે તો કઈ રીતે માગી શકાય ? મા જે કરે છે તે સારા માટે હોય, એની ઈચ્છા કરતાં આપણે કંઈ વધુ સમજદાર નથી. એ જે કરે છે એની પાછળ જરૂર કોઈ હેતું હશે.'

'તો પછી ફરીવાર અંદર ગયો શા માટે ?' સ્વામી રામકૃષ્ણે પૂછ્યું.

'ગુરુદેવ, આપની આજ્ઞા હતી માટે, એનો મારાથી કઈ રીતે અનાદર થઈ શકે ? આપ કહેતા એટલે હું મા પાસે જતો ત્યારે એટલા આનંદમાં ડૂબી જતો કે પેટની ભૂખ અને મનની માગ ક્યાંય વીસરાઈ જતી. ગુરુદેવ, મારાથી માગી શકાશે નહીં.'

❑ ડૉ. કુમારપાળ દેસાઈ
(ગુજરાતી વિશેવકોશ)

❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖ ❖


એપ્રિલ-૨૦૨૩, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલય:- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| M/s. M.T. Madon Export, (Mumbai) | ૨,૦૦,૦૦૦ |
| સ્વ. શ્રી નવિનચંદ્ર રીખવચંદ શાહના આત્મશ્રેયાર્થે<br>હ. શ્રીમતી નયનાબેન નવિનચંદ્ર શાહ, (મુંબઈ) | ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી પુર્ણિમાબેન પી. મહેતા, (પાલનપુર) | ૭૧,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી, એલીસબ્રીજ, (અમદાવાદ) | ૬૩,૦૦૦ |
| પ.પુ.ગચ્છાધિપતી આચાર્ય દેવશ્રી સોન સુંદર સુરી. મ.સા.ની<br>પ્રેરણાથી શ્રી સહસ્ત્રફણા પાર્શ્વ, શ્વે.મુ. જૈન સંઘ મોટેરા,<br>પ્રતિષ્ઠા નિમિત્તે, (અમદાવાદ) | ૫૧,૦૦૦ |
| શ્રીમતી કૃપા મયંકકુમાર રમેશભાઈ મહેતા, (કલોલ) | ૫૧,૦૦૦ |
| M/s. C.J. Shah & Co.  Nariman Point | ૩૭,૦૦૦ |
| શેઠ મોતીશા રીલીજીયસ ટ્રસ્ટ, (ભાયખલા) | ૩૦,૦૦૦ |
| શ્રી હીરાચંદ અભેચંદ ઝવેરી (મુંબઈ) | ૨૫,૦૦૦ |
| સાલવી નવિનચંદ્ર ભાયચંદ પરિવાર, (નારણપુરા, અમદાવાદ) | ૨૧,૦૦૦ |
| ડૉ. પંકજભાઈ પી. શાહ (ગોરેગામ) | ૧૨,૦૦૦ |
| ડૉ. વિમાબેન પી. શાહ (ગોરેગામ) | ૧૨,૦૦૦ |
| સ્વ. શ્રી યતીનભાઈ કાંતિલાલ શાહ, (ખેતરવસી, મુંબઈ) | ૧૧,૦૦૦ |
| M/s. Pack Print India, (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી કરણભાઈ બીમલભાઈ શાહ (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી બીમલભાઈ હસમુખભાઈ શાહ (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી ઉષાબેન મહેન્દ્રભાઈ જૈન (મણિયાતી પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી કૌશિકભાઈ છગનભાઈ શાહના આત્મશ્રેયાર્થે<br>હ. શ્રી પ્રણવભાઈ, ઉષ્માબેન, ટીના, તેજસ, આરૂષ | ૧૧,૦૦૦ |
| શ્રી ઉમંગભાઈ શાહ, (પોળની શેરી, ચોપાટી) | ૧૧,૦૦૦ |
| શ્રી ફેનીલ વિપુલભાઈ શાહ, (યુ.એસ.એ., કુંભારીયા પાડો) | ૧૧,૦૦૦ |
| M/s. Coral Freight Systems P. Ltd. (Mumbai) | ૧૧,૦૦૦ |
| શ્રી આદિતિ કોઠારી, દર્શી કોઠારી | ૧૧,૦૦૦ |
| શ્રીમતી સુષ્માબેન પરીખ, (વિલેપાર્લા વેસ્ટ) | ૧૦,૫૦૦ |
| સ્વ. શ્રીમતી રેણુકાબેન અશ્વીનભાઈ શાહના આત્મશ્રેયાર્થે | ૧૦,૦૦૦ |
| શ્રી માલણા જૈન સંઘ (પાલનપુર) | ૧૦,૦૦૦ |
| શ્રી દિપેનભાઈ યશવંતભાઈ ઝવેરી (પાર્લા) | ૧૦,૦૦૦ |
| શ્રીમતી રસવંતીબેન રસિકલાલની પુણ્યતિથિ નિમિત્તે,<br>હ. રાજેન્દ્ર, રમેશ, દિપ્તી, દક્ષા | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## સાભાર સ્વીકાર

**પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૧૫,૦૦,૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ (કપુર મહેતાનો પાડો)

૭,૦૦,૦૦૦/- શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ
હ. શ્રી નિખીલભાઈ, શ્રી યોગેશભાઈ,
શ્રી દર્શનભાઈ શાહ (ખજુરીનો પાડો)

૩,૫૦,૦૦૦/- શ્રી નિરૂપમાબેન પ્રિયવદનભાઈ શાહ
હ. શ્રી પ્રિયવદનભાઈ ખુબચંદ શાહ
(મહાલક્ષ્મીમાતાનો પાડો)

૩,૦૦,૦૦૦/- શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ (ઢંઢેરવાડો)

૨,૦૦,૦૦૦/- ડૉ. સ્નેહલ તારાચંદ સંઘવી તથા
શ્રી અમીતભાઈ તારાચંદ સંઘવી (બ્રાહ્મણ વાડો)

૫૧,૦૦૦/- શ્રીમતી પ્રીતિબેન પરેશભાઈ હીરાલાલ શાહ (ચોધરીની શેરી)

**જીવન નિર્વાહ ભેટ :**

૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)

૫,૫૦,૦૦૦/- શ્રીમતી શિલ્પાબેન પ્રકાશકુમાર મહાસુખલાલ શાહ
શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ
(અબજી મહેતાનો પાડો)

૫,૫૦,૦૦૦/- શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૩,૦૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ

૧,૦૦,૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)

૧,૦૦,૦૦૦/- મરીનડ્રાઈવ પ્રતિક્રમણ કરતી બહેનો તરફથી

૫,૦૦૦/- શ્રીમતી હીનાબેન પંકજભાઈ શાહ (ખડાખોટડીનો પાડો)

**મેડિકલ હેલ્થ સેન્ટર ભેટ :**

૬,૦૦,૦૦૦/- શ્રીમતી અરૂણાબેન બાબુલાલ શાહ (વખતજીની શેરી)

**મેડિકલ સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી ચંદ્રકાંતભાઈ લહેરચંદ શાહ (ઝવેરી વાડો)

**શ્રી સિદ્ધહેમ / વૃદ્ધજન / શિક્ષણ સહાય ભેટ :**

૧,૫૧,૦૦૦/- શ્રી વિદ્યુતભાઈ દેવેન્દ્રભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૫,૦૦૦/- શ્રીમતી શીતલબેન ભાવેશભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

**સામાન્ય ભેટ :**

૨૭,૦૦૦/- શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ (બોરીવલી, રતનનગર)

**ભુલ સુધાર**

એપ્રિલ ૨૦૨૩ના સાભાર સ્વીકાર પાના નં. ૩૮ જીવન નિર્વાહ
૧,૨૫,૦૦૦/- શ્રી નિમેશભાઈ દિનેશચંદ્ર કાંતિલાલ શાહ (શાંતિનાથની પોળ) તથા
સંગીત જલસો અહેવાલ પાના નં. ૧૦ ઉપર મેહુલભાઈ સુધીરભાઈ શાહ સુધારીને વાંચવું


**પાટણમાં મકાન વહેંચવાનું છે**

ખેતરપાલનો પાડો (શીતલનાથ, પારસનાથ, પદમાવતી માતાજી દેરાસર)
ફુલ માર્બલ ફ્લોરીંગ, માર્બલ સીડી, હોલ-કિચન, ૩ બેડરૂમ, ૨ બાથરૂમ, બે માળ, બે અગાસી
ADVT
સંપર્ક :-
જયેશભાઈ શાહ : 9892290456


## શ્રી પાટણ જૈન મંડળ
## જીવન નિર્વાહ સહાય યોજના

### રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
૨. શ્રીમતી નીરૂબેન ધીરેનભાઈ શાહ અને શ્રીમતી પ્રતિમાબેન નરેનભાઈ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી -મહાદેવાજીની શેરી)
૩. શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)
૪. શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ તથા શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ શાહ (ઝભલાવાળા)
હ. શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી - મહાદેવાજીની શેરી)

### રૂા. ૧૧ લાખના સહાયક દાતા

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર (વખતજીની શેરી)
૪. શ્રીમતી નીલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૫. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

# સિદ્ધાત એક હીરો

**સિદ્ધાંત પ્રતિક સેવંતીલાલ શાહ** ઉ.વ. ૧૯, હાલ અમદાવાદ, મૂળ પાટણ–શાંતિનાથની પોળ, ઈન્ડિયાના યુનિવર્સિટી (આઈયુ)માં કેલીઝ બિઝનેસ સ્કૂલમાં માસ્ટર્સ કરવા ઉચ્ચ શિક્ષણ મેળવવા ગયેલા સિદ્ધાંત માટે તા. ૧૫ એપ્રિલ ૨૦૨૩ શનિવારનો દિવસ એના માટે ગોઝારો કાળ બનીને આવ્યો હતો.

એના મિત્રો સાથે મનરો લેક પર પોન્ટ્રન બોટમાં સહમિત્રો સાથે આનંદ માણવા ગયો હતો અચાનક હવામાને પલટો ખાધો અને બોટમાં બેઠેલા તેના મિત્રો લેકના પાણીમાં જોરદાર પ્રવાહ સાથે ઝઝૂમી રહ્યા હતા તે સમયે સિદ્ધાંત એક કુશળ તરવૈયો હતો. પોતાના જાનની પરવા કર્યા વગર એ મિત્રોને બચાવવા પાણીની અંદર કૂદયો પરંતુ ૧૫ મિનિટની મહેનત બાદ કાળે જ તેને ઝડપી લીધો.

અમદાવાદ તેના પરિવારને ત્રણ દિવસ બાદ સમાચાર આવ્યા હતા, તેઓએ સિદ્ધાંતના **''ઝિંદાદિલી સાથે જીવવાના અભિગમને અપનાવીને અને પ્રત્યેક માનવીનું અંતિમ પડાવ એ મૃત્યુ છે.''** તેમ માનીને બેસણું રાખવાની બદલે 'લાગણીઓના સંભારણા વાગોળવા એક મિલન'નું આયોજન કર્યું હતું. જેમાં રંગીન વસ્ત્રો પહેરવા અનુરોધ કર્યો હતો સિદ્ધાંતે સહુના દિલમાં જીવંત સ્થાન મેળવ્યું છે અને પરિવારે એક અનમોલ રત્ન ગુમાવ્યું છે.

પરમાત્મા સદ્‌ગતના આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થનાસહ શ્રદ્ધાંજલિ.



## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | કસુંબિયા વાડો | અલ્કાબેન કિશોરી ચીનુભાઈ જસવા | ૯૫ | કાંદિવલી | ૨૩-૦૪-૨૩ | વૈશાખ સુદ ૦૩ |
| વિશા પોરવાળ | અબજી મહેતાનો પાડો | ભરતભાઈ ચંદુલાલ શાહ | ૭૭ | ગોરેગામ | ૦૫-૦૫-૨૩ | વૈશાખ સુદ ૧૫ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | અનિલકુમાર મણિલાલ શાહ | ૮૧ | તારદેવ | ૦૬-૦૫-૨૩ | વૈશાખ વદ ૦૧ |
| વિશા પોરવાળ | કનાસાનો પાડો | દિપકભાઈ મનહરલાલ શાહ | ૬૫ | ગ્રાન્ટરોડ | ૦૮-૦૫-૨૩ | વૈશાખ વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | લખિયારવાડો | ડૉ. મહેન્દ્રભાઈ બાપુલાલ શાહ | ૮૫ | પાંજરાપોળ | ૦૯-૦૫-૨૩ | વૈશાખ વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | પદમાબેન શીશીરભાઈ શાહ | ૭૩ | ચોપાટી | ૧૦-૦૫-૨૩ | વૈશાખ વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | રેખાબેન દિપકભાઈ શાહ | ૭૨ | લેમિંગ્ટનરોડ | ૧૩-૦૫-૨૩ | વૈશાખ વદ ૦૮ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | ચંદ્રકાંત ચુનીલાલ શાહ | ૮૩ | મલાડ | ૧૪-૦૫-૨૩ | વૈશાખ વદ ૧૦ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

**વ્યાજમાં ધન બેવડુ, વેપારમાં ધન ચાર ગણું**
**ક્ષેત્રમાં ધન સો ગણુ, સુપાત્રમાં દાન અનંત ગણુ**

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● May 2023 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# સૌરભ મેડિકલ હેલ્થકેર મુખ્ય દાતાશ્રીઓ - ગોરેગામ, જવાહર નગર



શ્રીમતી અરૂણાબેન બાબુલાલ શાહ
(વખતજીની શેરી)
રૂા. ૫.૨૫ કરોડ



શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા
(મનમોહનજીની શેરી)
રૂા. ૪ કરોડ



શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)
(કનાસાનો પાડો)
રૂા. ૧.૫૦ કરોડ



શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી
(સાલવી વાડો)
રૂા. ૧.૨૫ કરોડ



શ્રી શાંતિલાલ નગીનદાસ શાહ
(વખતજીની શેરી)
રૂા. ૧.૨૫ કરોડ

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,